ધનુર્માસ ધુન
૨૦૧૬-૨૦૧૭



કિંમત ₹ ૫
માસિક

# શ્રી સ્વામિનારાયણ


પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક:૧૧૭ ● જાન્યુઆરી ૨૦૧૭

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧











૧. સમગ્ર ઉત્તર ગુજરાતના શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો સ્નેહમિલન સમારોહ વીસનગરમાં તાજેતરમાં યોજાઈ ગયો તે પ્રસંગે સભામાં યુવકોને પ્રેરણારૂપ આશીર્વચન પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા યુવકો દ્વારા સ્વનિર્મિત શ્રી નરનારાયણદેવ અને પ.પૂ.લાલજી મહારાજની કલાકૃતિ સ્મૃતિરૂપે અર્પણ કરતા યુવકો. ૨. અલ્હાબાદ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક તથા અન્નકૂટ દર્શન.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૭

જાન્યુઆરી-૨૦૧૭

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | કૌશલદેશ | ૦૬ |
| ૦૪. | હે જીવ કરૂણાના સાગરનું ભજન કર | ૦૮ |
| ૦૫. | કુકર્મી કુબુદ્ધિના કાળ સુખકારીજી ! | ૧૧ |
| ૦૬. | આત્યંતિક કલ્યાણની દીવા દાંડીરૂપ સચ્છાસ્ત્રો | ૧૨ |
| ૦૭. | આચાર્યશ્રીનો મહિમા તથા સંત, આચાર્ય સાથે વ્યવહાર બાબતનો ઉપદેશ | ૧૪ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના રૂડા સાનિધ્યમાં પવિત્ર ધનુર્માસ ધૂન મહોત્સવ આપના હાથમાં અંક આવશે ત્યારે પૂર્ણ થયો હશે. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સ્મરણ ભજન જેઓએ આખા માસ દરમ્યાન કર્યું તેનું બેલેન્સ જરૂર વધ્યું હશે. વરસમાં એકવાર આખો માસ વહેલી સવારના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાથી આપણા ઉપર આવતા આ દેહના અનેક સંકટ ટળી ગયા.

ધંધા, નોકરી, વ્યવહાર અને પરિવારના નાના મોટા પ્રશ્નો કે સમસ્યા વચ્ચે પણ ભગવાન ભૂલાવા ન જોઈએ. આપણે કાંઈ કરતા નથી. આપણું કાંઈ નથી અને આપણે જે માનીએ છીએ તે આપણે નથી જે કાંઈ થાય છે તે શ્રીહરિનું કર્યુંજ થાય છે. એમ માનીને જીવન જીવવું. તેજ ખરી મહાનતા છે.

આપણે નિત્યે એક વચનામૃત (૨૭૩) વાંચવાનું વ્યસન રાખવું.

વચનામૃત (લોયા-૧)માં સંપ્રદાયના મહાન પંડિતવર્ય સ.ગુ. નિત્યાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ‘‘એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે ?’’ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ‘‘એ કામાદિક શત્રુ તો, તો ટળે, જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે. જેમ ધર્મ રાજા છે તે પાપીને મારવાને અર્થે દંડ લઈને રાત દિવસ તૈયાર રહે છે, તેમ ઈન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિયોને દંડ દે અને અંતઃ કરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે તેમાં ઈન્દ્રિયોને કચ્છ ચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે, તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય અને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને.’’

માટે આપણે નિત્યે આ વચનામૃતનું અનુસંધાન રાખીને કામાદિક શત્રુને ટાળવાનો ખટકો રાખવો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૬)



| | |
|---|---|
| ૬ | સ્વદેશ આગમન. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પધરામણી |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર) પાટોત્સવ પ્રસંગે |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | વડોદરા હરિભક્તને ત્યાં પધરામણી. |
| ૧૪ | શ્રી સ્વામિનારાયણ હવેલી (કાષ્ટ કલાનું) મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | વિસનગર શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી. સાંજે ભૂજ પધરામણી |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી. |
| ૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર મારૂસણા શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૦થી ૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) સંચાલિત કન્યા છાત્રાલયના દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫-૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ અને માંડવી (કચ્છ) કથા પ્રસંગે |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા કથા પ્રસંગે પધરામણી. |
| ૨૮ | સોલૈયા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૦થી ૩૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મંદિર ભુજ (કચ્છ) પધરામણી. |
| ૩૧ થી ૪ | જાન્યુઆરી-૧૭ અમેરિકા ધર્મ પ્રવાસે પધરામણી. |



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૧૬)

| | |
|---|---|
| ૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂન પ્રારંભ પ્રસંગે પધરામણી. |
| ૧૮ | વિસનગર ગામે સ્નેહ મિલન પ્રસંગે પધરામણી<br>કુબડથલ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી |
| ૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ પાટોત્સવ પધરામણી. |
| ૨૫ | આનંદપુરા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી. |

શ્રી સ્વામિનારાયણ

# કૌશલદેશ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

કુશ શબ્દનો અર્થ દર્ભ થાય છે. ગુજરાતીમાં આપણે દાભડો તરીકે ઓળખીયે છીએ. પુરાણોમાં દર્ભને અતિ પવિત્ર પુણ્યશાળી તન, મન, જીવનના સંરક્ષક તરીકે પૂજનીય માનવામાં આવે છે. પૂજા કર્મનાં સમયમાં પાઠ પુરશ્ચરણ પ્રસંગે હોમ હવન કર્મમાં જમણા હાથની આંગળીએ દર્ભની પવિત્રી પહેરવામાં આવે છે. તથા દર્ભનું આસન શ્રેષ્ઠ આસન તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તેમજ ઘરમાં સૂર્ય-ચંદ્ર ગ્રહણ-સૂતકના સમયમાં વાતાવરણમાં પ્રદુષણનો પ્રભાવ વસ્તઓમાં પદાર્થોમાં ઘરમાં આવતા અટકાવવા અને જંતુઓથી બચવા સરળ સસ્તો અને શ્રેષ્ઠ વનસ્પતિ ઔષધી પરમાત્માએ માનવ સૃષ્ટિને આપી છે.

દર્ભ (કુશ) સરયુ નદીના તટવર્તી પ્રદેશો તથા ગંગાજી આદિ કિનારાઓના વિસ્તારમાં વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. પરમાત્માએ આપલી દેન રૂપી કુશને લાવવામાં રાખવામાં કુશળ મનુષ્યો સરયૂ તટવર્તી પ્રદેશોમાં જ્યાં નિવાસ કરીને રહ્યા છે તે પુણ્યશાળી અતિ પવિત્ર દેવભૂમિને કૌશલદેશ કહેવામાં આવે છે. એટલે કે કુશ લાવવામાં કુશળ એવા લોકો ને માટે ''કૌશલ'' શબ્દ પુરાણોમાં વપરાયેલા છે. તથા કુશ જ્યાં ખૂબજ ઉગે છે તેને ''કુશલ'' કહેવાય. જે ભૂમિ કુશથી ઢંકાયેલી છે તેને ''કુશલ'' કહેવાય. કુશ શબ્દનો અર્થ ''કૌશલ'' થાય છે. એવા કૌશલ દેશનો મધ્યવર્તી વિસ્તાર અવધપુરી એટલે કે જે વ્યક્તિ ''કુશ'' નો જીવનમાં પૂર્ણતઃ ઉપયોગ કરે છે તેનો વધ કોઈ કરી શકતું નથી. એટલે અવધપુરીમાં પ્રગટ થવા ભગવાન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામજીએ પસંદ કરી.

તથા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અવધપુરીના ઉત્તરમાં કોશલદેશમાં પ્રગટ થયા જ્યાં કુશના મોટા મોટા વન શોભી રહ્યા છે. ''કૌશલદેશમાં ધર્યો અવતાર રે'' એવી અનંત રચનાઓ આપણા સંતોએ કરી છે.

શાસ્ત્રોમાં કુશને લાવવાની પણ વિધિ બતાવી છે. તમે બધા નિર્ણયમાં શ્રાવણ વદ અમાસને ''કુશ ગ્રહણી'' અમાવાસ્યા તરીકે વાંચવાનું થતું હશે. પરંતુ તેનો મહિમા વિધિની ખબર ન હોય એટલે થાય કે આ કોઈ પંડિત લોકોને કામની તિથિ હશે. કુશગ્રહણીના દિવસે કુશને લાવવાનો અને તે સિવાય તેને ઉખાડવાનો નિષેધ કહ્યો છે. તો કુશ ગ્રહણીના પર્વમાં આમંત્રિત કુશને ઘરમાં રાખવામાં આવે અને તેના પ્રભાવથી ઘરમાં ઝેરી-જંતુ એવા કિટાણુંઓનો પ્રવેશ થઈ શકતો નથી. તથા મલિન રાક્ષસી મેલી વિદ્યાના પ્રયોગ કરનારાઓના પ્રયત્નોને કુશ નિષ્ફળ કરી નાખે છે. ઘરની વસ્તુઓ અનાજ વગેરેને કુશના સંપર્કમાં રાખવામાં આવે છે.

ગુજરાતમાં નર્મદાજીના કિનારે ખૂબજ દર્ભ થાય છે. તેમાંથી બનાવેલ પૂજાના આસન વગેરે ઘણી વસ્તુઓ મળે છે. મતલબ કે જીવનમાં મહત્વના ઉપયોગી દર્ભની ઉપેક્ષા કરવાથી માણસને અનેક સંકટોનો સામનો કરવાનો સમય આવે છે.

પદ્મ પુરાણમાં લખ્યું છે કે

કુશ મૂલે સ્થિતો બ્રહ્મા કુશ મધ્યે જનાર્દનઃ ।
કુશાગ્રે શંક રોદેવઃ ત્રયો દેવાઃ કુશે સ્થિતા ॥

અર્થાત્ કુશના મૂલમાં બ્રહ્મા, મધ્યમાં જનાર્દન (વિષ્ણુ) અને અગ્ર ભાગમાં શિવ એમ ત્રણેય દેવો નિવાસ કરીને રહે છે એટલે પૂજનીય છે.

આપણે જ્યારે જપ-તપ-હોમ હવન કરતા હોઈએ

ત્યારે તેની ચોરી કરનારા દૈત્યો સાધકની આજુબાજુ પુણ્ય ચોરી જવાનો મોકો શોધતા હોય છે. એટલે સાધક કુશની પવિત્રી એટલે (વીંટી) પહેરીને કર્મ કરે તો તે સાધકની રક્ષા કરવામાં શિવનું ત્રિશુલ, વિષ્ણુનું ચક્ર, ઈન્દ્રનું વજ્ર મદદ કરે છે.

કુશની ઉત્પતિની કથા પુરાણોમાં કહેવામાં આવી છે કે, આદિ કાળમાં સૃષ્ટિની રચના સમયે હિરણ્યાક્ષ નામે દૈત્યે પૃથ્વીને પાણીમાં દુબાડી હતી. તેને પાછી લાવવા ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરી હિરણ્યાક્ષને માર્યો અને પૃથ્વીને પાંણીમાંથી બહાર લાવી સ્થિર કરી. ભગવાન વરાહની વિશાળ દિવ્ય કાયા ''વરાહ'' એટલે ''ભૂંડ''ની આકૃતિનો દેહ ભગવાને ધારણ કર્યો હતો. જેથી પરમાત્માના પવિત્ર દેહના ''કેશ'' વાળ રૂંવાટી પૃથ્વી પર પડ્યાં તેજ નદીના કિનારાના તટવર્ટી પ્રદેશોમાં ''કુશ'' દર્ભના રૂપે અવતરીત થયાં.

બીજો પ્રસંગ એવો છે કે દેવો-દૈત્યોએ સાથે મળીને સમુદ્રમંથન કર્યું. તેમાંથી ચૌદ રત્નો નીકળ્યાં. તેની તટસ્થ ભાવે બન્ને પક્ષમાં યોગ્ય વહેંચણી કરવામાં આવી. છેલ્લે ભગવાન ધન્વંતરી અમૃતનો કુંભ લઈને પ્રગટ થયા. તે અમૃત કળશને દર્ભનું આસન કરીને મુકવામાં આવ્યો. અમૃતની વહેંચણીનો વિવાદ થયો ત્યારે ભગવાન વિષ્ણુએ મોહિની અવતાર ધારણ કરી દેવોને અમૃતનું પાન કરાવી દર્ભ પર અમૃત કળશ મુકી પરમાત્મા મોહિની અદશ્ય થયા. તે સમયે અમૃતના બિંદુઓ કુશ ઉપર પડ્યાં હતાં તેથી તેને પવિત્ર સંજીવની ધનવન્તરી ઔષધી તરીકે માનવામાં આવે છે.

કૌશલ દેશનો બીજો અર્થ એ છે કે, જ્યાં ''કુશ'' અધિક શ્રેષ્ઠ ઉત્તમ ગુણવત્તાવાળો ઉત્પન્ન થાય છે તે પ્રદેશને કૌશલ દેશ સરયૂ તટ વર્તીને કહેવામાં આવ્યો છે. કુશ શબ્દ ''કોશ'' તરીકે સંસ્કૃતમાં વપરાય છે. કુશથી અલંકૃત ભૂમિ તેને કૌશલ દેશ કહેવાય.

જેમ તુલસીના વનથી વૃંદાવનની ભૂમિને ભગવાન શ્રીકૃષ્ણે જન્મ ધારણ કરવા પસંદ કરી તેમ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ તથા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને કુશના વનથી પવિત્ર ભૂમિ કૌશલ દેશને જન્મ ધારણ કરવા પસંદ કરી છે.

આજના સમયમાં માણસનું કેવું દુર્ભાગ્ય છે કે, ભગવાને આપેલી પવિત્ર ઔષધીનો ઉપયોગ કરવાનો વિચાર કરી શકતો નથી.

વેદોએ કુશને તત્કાળ ફળ આપનારી ઔષધી અને આયુષ્યની વૃધ્ધિ કરનાર અને દૂષિત વાતાવરણને પવિત્ર કરી જંતુ થકી રક્ષા કરે છે.

પૂજાવિધિના પ્રસંગમાં પૂજા પારિજાતની મત મુજબ ''કુશ'' ના અભાવમાં ''દુર્વા'' એટલે ધરો નો ઉપયોગ, બીલીપત્ર, કમળપત્ર, ડાંગરના પતાં, નાગરવેલનાં પાન એ માન્ય છે.

કુશ વનસ્પતિ પૂજાવિધિ તેમજ અનેક પ્રકારના સંસ્કારો કરવામાં વપરાય છે. મૂર્તિ પ્રતિષ્ઠા વિધિમાં ન્યાસ તથા આવાહ્ન કરવામાં કુશ સર્વશ્રેષ્ઠ છે.

અયોધ્યાની અધિષ્ઠાત્રિ દેવી કુશાદેવી આજે પણ પૂજાય છે. ભગવાન શ્રીરામના એક પુત્રનું નામ કુશ રાખવામાં આવ્યું હતું. અયોધ્યા પૂર્વકાળમાં કુશાવતી નગરી તરીકે ઓળખાતી હતી. સરયૂના ઉત્તર કાંઠાના વિસ્તારને ઉત્તર કોશલ પ્રદેશ કહેવાય છે. એટલે છપિયા ઉત્તરકોશલ દેશમાં ગણાય છે. દક્ષિણ ભાગ દક્ષિણ કૌશલ દેશ છે. ભગવાન શ્રીરામે ક્રિષ્કિન્ધા પર્વત પર હનુમાનજીની સાથે પ્રથમ મુલાકાતમાં પોતાની ઓળખ આપતા કહ્યું કે, ''કોશલેન્દ્રહં'' હું કોશલેન્દ્ર છું.

શાસ્ત્રોમાં આધ્યાત્મિક તાત્વિક અર્થમાં કોશને આવરણ રક્ષણ કરનારના અર્થમાં લેવાયો છે. જેમ આત્માની આજુ બાજુ પાંચ કોશ, પાંચ કોઠા, પાંચ આવરણ, એવા પાંચ કોશ, (૧) અન્નમયકોશ એટલે સ્થૂલ શરીર (૨) પ્રાણમયકોશ એટલે પ્રાણ (૩) મનોમય કોશ એટલે અન્તઃકરણ મન (૪) વિજ્ઞાનમયકોશ એટલે જ્ઞાનેન્દ્રિયો સહિત સૂક્ષ્મ શરીર બુદ્ધિ (૫) આનંદમય કોશ એટલે કારણ શરીર અથવા સુષુપ્તિ. આવા પ્રકારની વ્યાખ્યાઓ કરવામાં આવી છે.

કોશને ધન સંપત્તિ ખજાનો પણ કહેવાય છે. એટલે નાણાનો નિયમન કરનારને કોષાધ્યક્ષ નામથી સંબોધન કરવામાં આવે છે. આવા અગણિત અર્થ જોવા મળે છે. પરંતુ તેની મહત્તા દર્ભ (કોશ)ની ઉપમાના અર્થમાં કહેવામાં આવી છે.

# હે જીવ કરૂણાના સાગરનું ભજન કર

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણના નિત્ય સખા શીઘ્ર કવિવર શ્રી બ્રહ્માનંદ સ્વામી કે જેઓ પૂર્વાશ્રમમાં કવિરાજ લાડુદાનના નામે સમગ્ર ગુજરાતના મોટા મોટા રજવાડાઓમાં પોતાની કવિત્વ શક્તિના સામર્થ્યથી વિદ્વાનોની સભાઓને શાસ્ત્રાર્થમાં વાદવિવાદમાં જીતીને શતાવધાન અને સહસ્ત્રાવધાનની મોટી પદવીઓ મેળવીને પોતાનો યશ અને કીર્તિની પતાકાઓ સર્વત્ર ફેલાવી હતી. એવા સમર્થ કવિ અને વિદ્યાઓમાં પારંગત થયા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરીક્ષા કરવા નિમિત્તે ભેટો થયો અને પરમાત્માના એ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ આ સાક્ષાત્ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પરમાત્મા છે એવો દઢ નિશ્ચય થયો એટલે તે પરમેશ્વરની ઉપાસના ભક્તિ કરીને પોતાના આત્માને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ કરાવવાના માર્ગે વાળી દીધી, અને પોતાના કુટુંબ પરિવાર, ધન, સંપત્તિ, વિષય સુખનો ત્યાગ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના ચરણોમાં જીવન સમર્પિત કરીને તે પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરતાં જગતના પામર જીવોના અપમાન તિરસ્કાર સહન કરીને પણ શ્રીહરિની આજ્ઞાનું પાલન કરીને આ મારા ઈષ્ટદેવના સ્વરૂપને ઓળખીને તેનો આશ્રય કરીને આત્યાંતિક મોક્ષ મેળવીને મહા સુખી થાય તે માટે પોતાની વિદ્યાનો ઉપયોગ કરીને તે પરમાત્માના પોતાને જે સ્વરૂપની ઓળખાણ થઈ છે તે સ્વરૂપની ઓળખાણ જગતના જીવને ઓળખાવવાનો પ્રારંભ કર્યો. અને પીંગળ શાસ્ત્રનો આશ્રય લઈને ગુજરાતી ભાષામાં અને વૃજભાષામાં અસંખ્ય પદો (કીર્તનો) રચીને ભાષાઓને પોતાની રચનાઓથી સમૃદ્ધ બનાવી. તેમજ શ્રીહરિની આજ્ઞાથી શિલ્પ શાસ્ત્રનો આશ્રય કરીને વડતાલ, મૂળી અને જુનાગઢ ધામોમાં મહામંદિરોનું નિર્માણ કરીને ઉપાસનાની દઢતા કરાવનારૂ કાર્ય કર્યું. તેવા શ્રીહરિના સ્વરૂપને ઓળખાવવાનો એક અવસર સંસ્કૃત ભાષાના જાણકારોને પણ કરાવવાના આશ્રયથી સંસ્કૃત સ્તોત્રોની પણ રચનાઓ કરી છે તેમાંથી એક આ જીવને ભક્તિ અને ભજન કોનું કરવું તે દર્શાવવા વાળા સંસ્કૃત સ્તોત્રનો વિચાર કરીએ.

આ જગતમાં ભજન કરવા જેવા કોણ છે તે જગતના જીવને સમજાવવા સારૂ આ સુંદર સંસ્કૃત ભાષામાં સ્તોત્રની રચના કરીને સરળતાથી શરૂઆત કરે છે. તેમાં પિલુરાગ નો સાથ લઈને ભગવાનના સ્વરૂપને અતિશય કરૂણા સભર છે તેવું દર્શાવ્યું છે. સાથે સાથે તે સ્વરૂપમાં ભક્ત ઉપર કરૂણા કરવામાં રસપૂર્વકની ગંભીરતા છે તેવું દર્શાવ્યું છે. તેમાં પરમાત્માના દિવ્ય સ્વરૂપને જે ઉપમાઓ આપવામાં આવી છે તેના અર્થોની સમજણ કરવા પ્રયત્ન કરીએ.

श्रीनरनारायणमृषिराजं सुखदमहो करुणा रसभाजं ।
मानसहरिं भजबद्रिपतिं हरिललनापुरईभगतिम् ॥
मानस ॥१॥ ध्रुवपदम् ॥

પરાત્પર પરમાત્મા સર્વોપરી સર્વવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના તપઃ પરાયણ એવા ઋષિ સ્વરૂપ નરનારાયણદેવનું ભજન કરવાની પ્રેરણા આપવા સારૂ કહે છે હે જીવ તું બદ્રિપતિ શ્રીહરિને ભજ. કારણ કે તે ઋષિ રૂપમાં પ્રત્યક્ષ વિરાજતા પરમાત્માની જે ભક્તિ ઉપાસના કરે છે તેના ઉપર કરૂણા કરીને મહાસુખને આપે છે અર્થાત્ આત્યન્તિક મોક્ષને આપે છે. ऋषिराजं – આપણી ભારતીય સંસ્કૃતિમાં ઋષિ મહાત્માઓ મુનિઓનું બહુજ મોટું માહાત્મ્ય વર્ણન કરવામાં આવે છે. કારણ એમ કહેવાય છે કે તેઓ હમેશાં પરોપકાર પરાયણ જ રહેતાં હતાં. જેમકહ્યું છે ને - પરોપકારાય સતાં વિભુતયઃ એવા પરોપકારી ઋષિઓમાં રાજાધિરાજ એટલે અતિ મોટો ઉપકાર અર્થાત્ આત્યન્તિક મોક્ષ રૂપ ઉપકાર કરવા સમર્થ છે. તેથી ઋષિરાજ કહ્યા છે. સુખદમહો – ભગવાનશ્રી નરનારાયણ આ જીવને એવું મહાન સુખ આપે છે જેથી જીવને અહો અહો આવું સુંદર આટલું મોટું સુખ એમથાય છે. જે મહાસુખ રૂપ આત્યન્તિક મોક્ષ આપે છે.

करुणारसभाजं - આવું મોટું મોક્ષ રૂપ સુખ પરમાત્મા આપે છે તે જીવના કોઈ સાધને કરીને નહિ પણ સ્વયં પરમેશ્વર જીવના ઉપર અતિશે કરૂણા કરીને આપે છે તેથી કહ્યા છે કરૂણાના રસના સાગર છે. मानसहर्रिं - એટલા માટે હે માનવ તું તારા મનમાં માનસમાં બુદ્ધિમાં જે નર અને નારાયણ બે સ્વરૂપ ધારણ કરીને જીવના હિત માટે તપ કરે છે, તે શ્રીહરિનું ભજન કર. भजबद्रिपतिं - પૃથ્વી ઉપર પ્રગટ પ્રમાણ બે સ્વરૂપ ધારણ કરીને બદ્રિનાથ ધામમાં તપસ્વીનો વેષ ધારણ કરીને જગતના હિત માટે તપ, પરાયણ છે એવા શ્રીહરિનું ભજન કર हरिललनापुरईभगतिम् - ભગવાન શ્રીહરિના વાત્સલ્યપૂર્ણ સ્નેહથી યુક્ત જેમમાતા મૂર્તિદેવી લાલન કરે છે તેવો ભક્તિભાવ પરમાત્મા શ્રી નરનારાયણ ઋષિના સ્વરૂપમાં થાય તો મનુષ્ય માત્રને મહા સુખ અર્થાત દિવ્ય ધામની પ્રાપ્તિ થાય છે. ध्रुवपदम् - અચળ પંક્તિ અર્થાત્ ટેક આ કડીને દરેક કડીની પાછળ બોલવાની છે. અને તેના અર્થનું અનુસંધાન રાખવાનું છે.

नटवरराजमखिलजनवन्द्यं ।

निजजनमोक्षपथोज्जितमाद्यं ॥ मानस ॥२॥

नटवरराजम् - નટ જેમજગતમાં અનેક પ્રકારના વેશ ભજવે છે, તેમઆ અનન્તકોટી બ્રહ્માંડમાં જુદા જુદા પ્રકારના અવતાર ધારણ કરવામાં સમર્થ છે. તેથી સૌથી મોટા નટ એટલે નટોના જાણે રાજા જ છો. अखिलजनवन्द्यं અનંતકોટી બ્રહ્માંડના સમસ્ત જીવ સમુદાય જેને વંદન કરે છે ઉપાસના કરે છે ભજન ભક્તિ અને આરાધના કરે છે એવા ભગવાન શ્રી નરનારાયણ ઋષિનું રૂપ ધારણ કરીને સદા પૃથ્વી ઉપર બદ્રિનાથ ધામમાં પ્રગટ પ્રમાણ બિરાજો છો. निजजन - પોતાના આશ્રિત જીવ માત્રને અર્થાત જે ભગવાન શ્રી નરનારાયણના સ્વરૂપનું પૂજન કરે છે. આરાધના કરે છે. દર્શન કરે છે. કે વંદન કરે છે તે સર્વ જીવોને સદાને માટે मोक्षपथः આત્યન્તિક મુક્તિનો માર્ગ, મોક્ષનો સરળ રસ્તો જે પ્રસ્થાન ત્રયી ઉપનિષદ ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રમાં કહેલ છે તે માર્ગને ઓળખવાનું અને તે માર્ગે ચાલવાનું બળ આપો છો. ऊज्जितमाद्यं જે મોક્ષનો મહા માર્ગ આદિ કાળથી શાસ્ત્રોમાં વર્ણવેલ છે. તે જ આત્યન્તિક મોક્ષના ધોરી માર્ગને સારી રીતે ઓળખાવ્યો છે.

निगमकदम्बककृतगुणगानं ।

श्रितजनदत्त महासुखदानं ॥ मानस ॥३॥

निगमकदम्बक - નિગમો આગમો અર્થાત્ વેદો ઉપનિષદો શ્રુતિઓ ના મંત્રો કારીકાઓ શ્લોકો અને આર્ષદ્રષ્ટા ઋષિઓના અંતઃકરણમાંથી સ્ફુરાયમાણ થયેલા અને સ્વતઃ મુખદ્વારા બોલાયેલાં શબ્દો સ્વરૂપે રહેલાં વૃક્ષો વેલીઓ ના જાણે ફલ પુષ્પ અને પર્ણ હોયને શું ! તેમતમારા જ સ્વરૂપનું ગાન છે. कृतगुणगानं - જેણે જેણે તમારા સ્વરૂપના ગુણગાન ગાયા છે તે સર્વને તમારી કરૂણાથી તેના સર્વ મનોરથો પૂર્ણ થયા છે. श्रितजनदत्त - તમારા ભજન વંદન દર્શન ઉપાસના ભક્તિ રૂપ આશ્રય કરનારા જીવ માત્રને સદાને માટે વિષય વાસના છોડાવીને તમારા ધામનું સુખ આપો છો. महासुखदानं - જગતના સુખો અને પંચ વિષયના સુખો પાછળ જીવ જન્મજન્માંતરોથી દોડ્યા કરે છે છતાં તે જીવાત્માને જે સુખ મળે છે તે સામાન્ય અને નાશવંત જ મળે છે. ક્ષણિક સુખ હોય છે જે તત્કાળ નાશ પામી જાય છે. પરંતુ તમારા શરણે આવીને જે જીવ તમારી ઉપાસના ભક્તિ કરે છે. વંદન કરે છે કે દર્શન કેર છે તે જીવને તમે મહાસુખ અર્થાત્ ક્યારેય પણ નાશ ન પામે તેવું અવિનાશી સુખ આપો છો. અર્થાત્ પોતાના અક્ષરધામનું સુખ તેને પ્રાપ્ત થાય છે.

धृतसितवाससममतुलमुदारं ।

कनकविभूषणलज्जितमारं ॥ मानस ॥४॥

धृतसितवास - બદ્રિકાશ્રમધામમાં જગતના હિત માટે બે સ્વરૂપ ધારણ કરીને નૈષ્ઠિક વ્રતે યુક્ત તપ પરાયણ રહો છો ત્યારે સદાને માટે શાંતિ અને શિતળતા આપનારા શ્વેત વસ્ત્રો ધારણ કરીને રહો છો. सममतुलमुदारं - જગતના જીવ પ્રાણી માત્ર ઉપર સમાનતાથી કરૂણા કરો છો. જેની તુલના કોઈ પણ પ્રકારે કોઈની સાથે ન થઈ શકે તેવી ઉદારતા તમારા હૃદયમાં સદા રહેલ છે. कनकविभूषण - સુવર્ણના અનેક પ્રકારના આભૂષણો જેવા કે મુગુટ, હાર, કડા, ઝાંઝર, વેઢ, વીંટી આદિની શોભાથી અત્યન્ત દર્શનીય એવા તમો કનક સુવર્ણથી સુશોભિત સિંહાસનમાં વિરાજમાન થાઓ છો. लज्जितमारं - વસ્ત્રો આભૂષણો અને સુવર્ણના સિંહાસનમાં વિરાજમાન તમારી શોભા દર્શનીય તમારા સ્વરૂપને અત્યન્ત રમણિય દર્શાવે છે.

कमलदलोपमनयनविभान्तं ।

रदनततप्रभयापरिकान्तं ॥ मानस ॥५॥

कमलदलोपमनयन – શાંત સરોવરમાં પ્રાતઃકાળમાં ખીલેલા સુંદર કમળનાં પાંખડીની ઉપમા અપાય એવા સુંદર વિશાળ નેત્રો (આંખો)થી કરૂણા ભરપુર દ્રષ્ટિથી આશ્રિત ભક્તોને જોવો છો. विभान्तं – હે શ્રી નરનારાયણ ઋષિ તમારૂ સ્વરૂપ એવી શોભાએ યુક્ત દર્શન આપે છે. रदनतत – જીવોના હૃદયમાં રહેલાં આનાદિકાળના અજ્ઞાનને તત્કાળ જ નાશ કરી તેજસ્વી પ્રકાશ પાથરો છો. प्रभया – દિવ્ય પ્રભાવથી અજ્ઞાન રૂપ માયાના અજ્ઞાનને દૂર કરો છો. परिकान्तं – જેના હૃદયમાંથી અજ્ઞાનરૂપી માયામય અંધકાર નાશ પામી ગયો છે. તેવા પરિશુદ્ધ તમારા આશ્રયે આવેલા ભક્તોને કરો છો.

मृगमदचन्दनतिलकविशोभं ।

भृकुटीकटाक्षसुरारिवलोभं ॥ मानस ॥६॥

मृगमदचन्दन – પ્રાતઃ કાળમાં બ્રાહ્મમુહૂર્તમાં નિત્ય કર્મ કરીને વિરાજતા તમારા સુંદર વિશાળ ભાલમાં મલયાગિરિ ચંદનમાં કાળીયાર મૃગની સુગન્ધીદાર કસ્તુરીથી થયેલા અર્ચા અતિ શોભાયમાન લાગે છે. तिलकविशोभं – તમારા ઉપડતા ભવ્ય લલાટમાં થયેલ અર્ચાના મધ્યમાં તિલકની વિશેષ શોભા દર્શન કરનારા ભક્તોના હૃદયમાં પરમશાંતિ ઉત્પન્ન કરે છે. भृकुटीकटाक्ष – સુંદર લાંબી નેણનો ઈશારો મોટા મોટા દેવોને પોત પોતાના કાર્યો કરવા માટે તત્કાળ પ્રેરણા આપે છે. જેથી દેવો પોતાને સોંપેલાં જગત સૃષ્ટિ રૂપ કાર્યમાં વિના વિલંબે લાગી જાય છે. सुरारिवलोभं – સુરાઃ દેવતાઓનો સમુદાય સદાય તમારી આજ્ઞાનું પાલન કરવા માટે યાચકની જેમ પ્રતિક્ષા કરતો રહે છે કે, ક્યારે અમારો આજ્ઞા પાલન કરવાનો અવસર આવે અને અમારે પણ આજ્ઞાનું યથાર્થ પાલન કરીને આપની પ્રસન્નતા મેળવવી છે.

हृदयमनोहर सुमनः सुहारं ।

मुनिवरवन्दित चित्रविहारं ॥ मानस ॥७॥

हृदयमनोहर – હે ઋષિરાજ ભગવાન શ્રી નરનારાયણ પ્રભુ આપનું સ્વરૂપ એવું મનને સ્થિર કરી દેનારૂ છે જેથી ભક્તોના ઋષિઓના યોગીઓના સિદ્ધોના અને અક્ષરમુક્તોના મનને ચિત્તને પોતાના તરફ હરિ લે છે ખેંચી લે છે. सुमनसुहारं – મનને ગમતા સુંદર સુગન્ધીમાન પુષ્પોના શોભાયમાન ભવ્યાતિભવ્ય શ્રેષ્ઠ હાર પુષ્પમાળાને હૃદય ઉપર ધારણ કરેલ છે તે નિરખીને मुनिवरवन्दित – સંસારના સુખો અને વિષયોમાંથી મૌન ધારણ કરીને કેવલ જેમણે તમારૂ જ વર્ણન કરેલ છે તેવા ઋષિઓ અર્થાત મુનિઓ જે તમારા શ્રીચરણોને સદાને માટે વંદન કરે છે, ઉપાસના ભક્તિ અને અર્ચન કરે છે. चित्रविहारं – હે પ્રભુ તમારા દિવ્ય અને અદ્ભુત સ્વરૂપના દર્શન કરવામાં અક્ષરમુક્તો ઋષિમુનિઓ એવા તો તનમય થયા ગયા છે જાણે ભીંત ઉપર ચિત્ર દોરેલા હોયને શું તેમનિશ્ચળ સ્થિર થઈને તમારા સ્વરૂપનું ધ્યાન કરે છે. તેમનું આંખનું મટકું તો શું પણ રૂંવાડુંય ફરકતું નથી.

ब्रह्ममुनिनित्यकृतपरिचारं ।

शमितनिजाश्रितसकलविकारं ॥ मानस ॥८॥

ब्रह्ममुनि - ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પોતાના જીવાત્માને અલગ કરીને બ્રહ્મરૂપ થયેલાં એવા બ્રહ્માનંદ સ્વામી જગતના જીવને કહે છે હે ભક્તો હું નિત્ય સદા સર્વદા હમેશાં આ જ સ્વરૂપની ઉપાસના ભક્તિ અને સેવા કરૂં છું. नित्यकृतपरिचारं – નિત્ય સદા સર્વદા હંમેશા પ્રાતઃકાળમાં થતી સેવા પૂજા કરે છે, તેવા ભક્તોને અને પરિચર્યા અર્થાત્ અનેક પ્રકારના ઉપચારોથી પૂજા ષોડશોપચાર રજોપચાર વગેરે અને સાષ્ટાંગ દંડવત પ્રણામ, પ્રદક્ષિણા, મંત્રજાપ, સ્તુતિ, પ્રાર્થના, યજ્ઞહોમ અને ધ્યાનની સાથે મંદિરની સેવા જેમાં વાળવું, સ્વચ્છ કરવું, વાસણ વસ્ત્રોની સંભાળ રાખવી આદિ સ્વચ્છ રાખવાનું કાર્ય કરે છે. તેના સર્વ પ્રકારના વિષય વિકારોને शमितनिजाश्रित – પોતાના આશ્રયે રહેલાં ભક્તો મુક્તોના સર્વ પ્રકારના માયિક વિકારોનું શમન કરો છો. અર્થાત્ જે જીવાત્મા તમારૂ પૂજન અર્ચન કરે છે ઉપાસના કરે છે, તમારી આજ્ઞાને માને છે. તેના सकलविकारं – અંતઃકરણના વિષય વાસના સંબંધી બધા જ પ્રકારના વિકારનો નાશ કરો છો. કળિના બળને પામીને બળવાન બનેલા કામ, ક્રોધ, લોભ આદિ અંતઃશત્રુઓને તથા શારીરિક માનસિક વિકાર માત્રનો તમારા દર્શન માત્રથી નાશ થાય છે.

# કુકર્મી કુબુદ્ધિના કાળ સુખકારીજી !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

કંથકોટના કચરા ભગતને તો સૌ જાણીએ છીએ. એ કંથકોટનો રાજા દેવોજી દરબાર શ્રીજી મહારાજનો પ્રખર દ્વેષી હતો. હંમેશા મહારાજ પ્રત્યે દ્વેષ રાખે. એમના સંતોને પણ હેરાન કરે. એકવાર કેટલાંક સંતો ગામમાં સત્સંગ અર્થે આવેલા. તે વતું કરાવવાનું થયું એટલે વતું કરાવ્યું પછી સ્નાન તો કરવું જ પડે ને ? તે ગામમાં એક વાવ હતી એટલે બધા સંતો એ વાવ ઉપર સ્નાન કરવા માટે આવ્યા. આ વાત જાણી એટલે દેવોજી દરબારના માણસો આવ્યા અને સંતોને કહ્યું, ''તમારે વાવમાં નહાવાનું નથી. અમારા રાજાએ મનાઈ ફરમાવી છે.''

સંતો કહે, ''ભાઈ, વાવ કૂવા તો સાર્વજનિક હોય, અહીં તો બધા જ સ્નાન કરી શકે.''

''ના તમારે નહાવું હોય તો સંત દીઠ દોકડો રૂપિયો આપવો પડશે.''

ગામના હરિભક્તોએ પછી પૈસા ઉઘરાવીને સંતો માટે નહાવાની વ્યવસ્થા કરી ત્યારે દેવોજી માન્યો.

શ્રીજી મહારાજે આ સર્વે હકીકત જાણી. શ્રીહરિ કહે, ''અમારા સંતો અને ભક્તો માટે અમે ગામના રાજાને મળીશું અને સમજાવીશું.'' ભગવાનને જીવ માત્રની કેટલી પડી છે ? એ કરતાં પણ એ જીવનું કલ્યાણ થાય, એ જ એક મહારાજનો દાખડો હતો. સંતો બોલ્યા, ''મહારાજ ! એ દેવોજી માને એમ નથી. તમને હેરાન કરશે.'' આમ છતાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ દેવોજીને મળવા એમના દરબારમાં પધાર્યા.

શ્રીહરિ કહે, ''ઠાકોર ! તમે અમારા સાધુ-સંતોને શા માટે હેરાન કરો છો ? તેઓ ક્યાં કશું તમારું બગાડે છે ? ઉલટાનું લોકોને ઉપદેશ આપીને વ્યસનોથી મુક્ત કરે છે અને સારું જીવન જીવતાં શીખવાડે છે. વળી તમે ગાયોની કતલો કરાવો છો. શાસ્ત્રોમાં રાજાને તો ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ ગણાવ્યા છે. હે રાજા ! તમારી તો ફરજ બને છે કે ગાયોની રક્ષા કરવી. વળી તમે મીયાણાંઓને કોટની રક્ષા કરવા માટે રાખો છો એની જગ્યાએ પગારદાર સિપાઈઓને રાખોને ?''

દેવોજી બોલ્યા, ''અમે મીયાણાંને મફતમાં કોટની રક્ષા કરવાને રાખ્યા છે. અમારે એમને પગાર નથી આપવાનો હોતો. એની સામે માત્ર ગાયો આપીએ છીએ એમાં શું થઈ ગયું ? અમારા ખજાનામાં એટલું ધન નથી કે પગાર આપીને સિપાઈઓ રાખી શકીએ.''

શ્રીહરિ વળી ઉપદેશના બોલ બોલ્યા, ''હે રાજા ! તમે દીકરીને દૂધ પીતી કરો છો તે પાપ છે. કોઈ પણ જીવને મારવાનો અધિકાર આપણને નથી. અને દીકરીઓ તો બન્ને કૂળને તારે છે.'' દેવોજી કહે, 'અમે દીકરી જીવતી રાખીએ તો પછી અમારે કરિયાવર ખર્ચવું પડે, અમારે કોઈના સાળા બનવું પડે એ અમને ન પોષાય.''

શ્રીહરિએ દેવોજીની સર્વ દલીલો સાંભળી પછી ગંભીર થઈને કહેવા લાગ્યા, ''રાજા તમે સંતોની, ગાયોની કે દીકરીઓની રક્ષા નથી કરતા અને રક્ષા કરવાની ઈચ્છા પણ નથી રાખતા. અને તેથીજ તમારા રાજ્યમાં લક્ષ્મીજી રૂઠ્યાં છે. જ્યાં ધર્મ છે ત્યાં જ લાજ અને લક્ષ્મી નિવાસ કરીને રહે છે. તમારા રાજમાં ધર્મનો છાંટો પણ જોવા મળતો નથી. અને તમે ધર્મનું જ પાલન કરતાં પણ નથી અને કરવાની ઈચ્છા પણ નથી રાખતા અને એટલે જ તમારાં લાજ અને રાજ બંન્ને જતાં રહેશે.'' પછી શ્રીહરિએ મનોમન સંકલ્પ કર્યો કે આવા કુકર્મી અને કુબુદ્ધિ રાજાને દંડ અવશ્ય મળવો જોઈએ. પોતાના સૌ આશ્રિતજનોને બોલાવીને કહ્યું કે, ''તમો સૌ આ ગામ છોડીને ઉચાળા ભણી જજો. અને જ્યાં ઈચ્છો તે ગામે જતાં રહેજો પરંતુ અહીં રહેતાં નહીં.''

સૌ ભક્તજનોએ મહારાજની આજ્ઞા માથે ચઢાવી અને મહારાજને પગે લાગી સૌ વિદાય થયા.

એ પછી ભૂજના રાજાએ લશ્કર સાથે આવીને આખુંય કંથકોટ ગામ ભાંગી નાંખ્યું અને દેવોજી દરબાર પણ બૂરી રીતે મૃત્યુ પામ્યો.

કુકર્મી કુબુદ્ધિના કાળ શ્રીહરિજી !

# આત્યંતિક કલ્યાણની દીવા દાંડીરૂપ સચ્છાસ્ત્રો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

અગાધ જળનો સાગર ઘૂઘવતો હોય, ક્યાંય કિનારો દેખાતો ન હોય તેવા સમયે ભૂલા પડેલા નાવિકને કે સાગર ખેડૂને જો ક્યાંય દીવાદાંડીનું દર્શન થઈ જાય તો સાગર પાર કરી કિનારા પર યોગ્ય સ્થળે પહોંચવા માટેની સાચી દિશા મળી જાય. દીવાદાંડીનું લક્ષ રાખે પછી કોઈ ખોટા માણસ કદાચ અવળી દિશા બતાવે તો પણ તે નાવિક પછી છેતરાય નહિ ! તેમ આ અફાટ સંસાર સાગર પાર કરીને આત્યંતિક કલ્યાણરૂપી શ્રીહરિના અક્ષરધામમાં પહોંચવા માટે શ્રીહરિ અને શ્રીહરિ સમકાલિન નંદ સંતોના રચેલા સચ્છાસ્ત્રો એ દીવાદાંડીની ગરજ સારે તેવા છે. પરંતુ વર્તમાન કાળે ખેદ જન્ય એ વાત છે કે નવી પેઢી-યુવા વર્ગ સચ્છાસ્ત્રોથી વિમુખ થતા જાય છે. ટી.વી., અખબાર જેવા મિડિયાનો આધાર તેમજ કંઈક અંશે કથા શ્રવણ યુવાવર્ગમાં જોવા મળે છે. સાચા સંતોના મુખેથી કથા શ્રવણ કરે તો લાભ થાય પરંતુ જ્યારે ખોટા સંતોના મુખેથી શાસ્ત્ર વિરૂદ્ધની વાત સાંભળે ત્યારે જો તે શ્રોતાને શાસ્ત્રનો અભ્યાસ ન હોય તો ભ્રમિત થઈને કલ્યાણના માર્ગથી પડી જાય છે. તેથી જેઓએ આ લોક-પરલોકમાં સુખી થવું હોય તેઓએ જીવનમાં ઓછામાં ઓછું એકવાર પોતાની બુદ્ધિ અનુસારે સ્વયં સચ્છાસ્ત્રોનો અભ્યાસ કરવો અનિવાર્ય છે. અને શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજની આજ્ઞા પણ છે. જેથી ખોટા ગુરુઓ કે ખોટા ભગવાન છેતરી ન જાય.

કમનસીબી કહો કે આશ્ચર્ય કહો, ઘણાને તો જ્ઞાન હોય છે કે આ દુકાને કણીદાર સુગંધી શુધ્ધ ઘી મળે છે અને આ દુકાને ડાલડા ઘી મળે છે તો પણ ડાલડા ઘીનો સ્વાદ લઈને પોતાનું આરોગ્ય બગાડવા માટે ડાલા ઘીની દુકાને પહોંચી જાય છે ! તેનું કારણ આવા માણસોને ચોક્કસ પ્રકારનો નિજ સ્વાર્થ હોય છે. તેઓને કલ્યાણની કંઈ પડી હોતી નથી, સ્વાર્થી માણસોને સ્વમાન હોતું નથી.

આવા માણસો મોટા રાજનેતા હોય, અભિનેતા હોય કે મોટા પ્રસિધ્ધિ પામેલા કથાકાર હોય તેઓ પણ જો ખોટા ગુરુઓ કે આભાસી ગુરુઓના વખાણ કરવા લાગે કે તેના અંતિમ દર્શન કરવા દોડી જાય તો તેનાથી કંઈ ઝાંઝવાનું જળ અસલ જળ બનીને કોઈની પ્યાસ બુઝાવતું નથી અર્થાત ખોટું ક્યારેય સાચું બની જતું નથી, વાત આપણે એ કરવી છે કે આવા હઈસો - હઈસોના કળિયુગી વાતાવરણમાં જેઓને શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ હશે અને કલ્યાણનો ખપ હશે તેઓ જ બચી શકશે, નહી તો ખપ વિનાના જે હશે તેઓ તો ગમે ત્યાં દોડી જશે, એટલું જ નહી આપણને આવીને પણ કહેશે કે જઈ આવ્યા તમે !

જવું જ હોય તો શ્રીજી મહારાજે આજે આપણને શું નથી આપ્યું ? પોતાનું પ્રગટ સ્વરૂપ શ્રી નરનારાયણાદિક દેવ આપ્યા છે, પોતાનું અપર સ્વરૂપ અમદાવાદ અને વડતાલ બે ગાદી કરીને સનાતન ધર્મવંશી આચાર્યશ્રી આપ્યા છે, આચાર્યશ્રીની આજ્ઞામાં રહીને સત્સંગની સેવા કરતા હોય તેવા સાચા સંતો આપ્યા છે. કળિયુગમાં વ્યક્તિ પૂજાનો વાયરો વધારે ચાલતો હોય છે. શાસ્ત્રોનો જો અભ્યાસ હોય તો ખ્યાલ આવે કે સેવા-ઉપાસના-ભક્તિ બધું ભગવાનનું અને એ પણ પ્રગટ ભગવાનનું કરવાનું હોય છે, કોઈ ચોક્કસ વ્યક્તિને વળગવાથી એ વ્યક્તિનું જ કલ્યાણના માર્ગે ઠેકાણું ન હોય તો તેના શિષ્યોનું ઠેકાણું ક્યાંથી પડવાનું છે !

વર્તમાન કાળે શિષ્ય બનવા કરતા ઘણા લોકોને ગુરુ બનવાનો બહુ શોખ હોય છે. ગુરુને ઘણીવાર કલ્યાણના માર્ગનું જ્ઞાન પણ હોય છે. પરંતુ પૂજાવાના શોખ રૂપી માન નામના અંતઃશત્રુ કે પ્રાઈવેટ સંસ્થાઓ ઉભી કરવારૂપ લોભ નામના અંતઃશત્રુએ તેમને હાર પમાડી દીધી હોય છે. તેથી પોતે તો કલ્યાણના માર્ગેથી પડે છે પરંતુ બીજા અસંખ્ય જીવાત્માઓને પાડે છે. ગુરુની વાત લઈએ તો સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત કલ્યાણ નિર્ણયમાં વાત આવે છે કે યમદૂતોએ યમરાજાને ફરિયાદ કરી કે લોકો જુદા જુદા ગુરુનો આશરો લઈને નિર્ભય થઈને બેઠા છે, ગુરુઓ તેના શિષ્યોની જમાનગીરી કરતા હોય તો

મોટાની મર્યાદા તોડીને સગરા (જેઓએ ગુરુ ધાર્યા છે) ને અહીં તેડી લાવવામાં અમને અપરાધ થવાનો ડર લાગે છે. યમરાજા આ પ્રશ્ન લઈને શ્રીહરિ પાસે આવ્યા. ત્યારે શ્રીહરિ કહે છે.

**શ્રીહરિ કહે ધર્મ સાંભળો, ગુરુ ન હોય ઘેરો ઘેર ।**
**ગુરુ તો એક ગોવિંદ છે, બીજી માયા બની બહુ પેર ॥**
**તેમ માયાએ મનગમતા, વળી લીધા વિશ્વમાંય વેશ ।**
**એવા ગુરુ શિષ્યની, તમે બીક મ રાખજ્યો લેશ ॥**
**ગુરુ કહ્યે શું થે ગયા ગુરુ રે, સુણો ધર્મ તેની વાત કરુ રે ।**
**ગુરુ આ જગમાંય છે ઘણા રે, તે તો કોળિયા સહુ કાળ તણા રે ॥**
**જે જે બાંધી અમે મરજાદા રે, તે તે ત્રોડે છે એ મનુજાદ રે ।**
**માટે એને તો બહું દંડ દેવો રે, કર્યો હરિએ હુકમ એવો રે ॥**

શ્રીહરિ યમરાજાને કહે છે, આખા જગતના ગુરુ તો અમે એક છીએ, બીજો બધો તો માયાનો વેશ છે, સહુ કાળનું ચવાણુ છે, અમે જે મર્યાદા બાંધી હોય તેનો જેઓ લોપ કરતા હોય તેને તો તમારે અવશ્ય દંડ દેવો.

શ્રીહરિએ પોતાની જગ્યાએ માત્ર બે ધર્મવંશી આચાર્ય પદની સ્થાપના કરીને સંપ્રદાયના બે ધર્મગુરુ બનાવ્યા છે અને પોતપોતાના દેશ વિભાગ પ્રમાણે ત્યાગી-ગૃહી તમામે તેઓશ્રીની આજ્ઞામાં રહી સત્સંગની પ્રવૃત્તિ કરવાની ઈષ્ટદેવની આજ્ઞા છે. શાસ્ત્રોનો અભ્યાસ હોય તો ખ્યાલ આવે કે આધ્યાત્મિક વારસદાર કહો કે વહીવટી વડા કહો કે ધર્મગુરુ કહો તે સર્વેસર્વા ગાદી પરના ધર્મવંશી આચાર્યશ્રી છે. મૂળ સંપ્રદાયમાં પણ કેટલાક એવા વિદ્વાન સંતો છે કે જેઓ ગુણગ્રાહી સ્વભાવના મિષે કથામાં વિમુખોના પણ ગુણ ગાઈને વખાણ કરવા લાગી જાય છે અને કેટલાક મોટા ગણાતા હરિભક્તો પણ એવા છે કે જેઓ વિમુખોની સભામાં - કથામાં આગળની હરોળમાં બેસીને કથા સાંભળવા લાગી જાય છે ! વચનામૃત પ્રમાણે વિમુખોનો ગુણ ગ્રહણ કરીએ એટલે અડધા વિમુખ કહીએ અને જતા દહાડે વિમુખ થઈએ.

આપણી સાંપ્રદાયિક એવી પરંપરા છે કે સચ્છાસ્ત્રોની મૂળપ્રતોને બાદ કરતા ત્યાર પછીના સમયે જે સચ્છાસ્ત્રોનું પ્રકાશન થાય તેવા શાસ્ત્રોમાં ધર્મવંશી આચાર્યશ્રીનો આજ્ઞાપત્ર અચૂક હોવો જોઈએ. કારણ કે તેઓ સંપ્રદાયના ધણી અને ધર્મના વડા તેમજ શ્રીજી મહારાજનું લોહી છે. તેથી શાસ્ત્રોમાં સત્ય વાત હશે તો જ તેઓ સહી કરશે અન્યથા આજે કેટલાક તત્વો એવા છે કે પોતાનો સ્વાર્થ સાધવા માટે શ્રીજી મહારાજને ગમતી વાત હોય પરંતુ પોતાને ન ગમતી વાત હોય તેવી બાબત ઉડાવી દે છે અથવા તેને મન ઘડંત રીતે રજૂ કરશે.

મૂળ સંપ્રદાયના દેવ આચાર્યની નિષ્ઠા ધરાવતા દરેક સંતોને અને ખાસ કરીને કથાકાર સંતોને નમ્ર પ્રાર્થના છે કે કથા દરમિયાન સમયના અભાવે વાત ટૂંકાવવી પડે તો અન્ય કેટલીક વાત ટૂંકાવીને પણ કથાના અંતમાં શ્રીજી મહારાજે સ્થાપેલા દેવ અને આચાર્યનો મહિમા ક્યારેય ટૂંકાવવો નહી પરંતુ ભારપૂર્વક જેમ છે તેમ યથાર્થ કહીને કથાનો અંત ખૂબ જ ઈફેકટીવ બનાવવો. કારણ કે શ્રીહરિના પ્રગટ સ્વરૂપની ઓળખાણ અને નિશ્ચયથી તેમજ શરણાગતિ સ્વીકારી ભક્તિ-ઉપાસના કરવાથી જીવાત્માનું નિશ્ચે આત્યંતિક કલ્યાણ થાય છે. સમયની એ માંગ છે કે જીવાત્મા આગળ સંપ્રદાયના છ અંગોની શાસ્ત્રોના આધારે સાચી વાત કરીશું તો ખોટી ડુપ્લીકેટ કે આભાસી પરંપરાઓ આપો આપ ખુલ્લી પડી જશે.

કળિયુગના પ્રભાવથી સમયની એવી બલિહારી છે કે **જેઓમાં સંપ્રદાયના એક નાના ભગત તરીકેની પણ લાયકાત કે આચરણ નથી તેઓને ગુરુ થઈને પૂજાવું છે અને જેઓને સ્વયં શ્રીજી મહારાજે આચાર્ય પદ આપ્યું છે તેઓ એટલા નિર્માની છે કે જાહેર સભામાં તેઓ બોલી શકે છે કે અમારે એક પણ શિષ્યનો શોખ નથી. ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગની સભામાં જ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આશીર્વચનમાં બોલેલા કે, કોઈએ અમને વળગવાની જરૂર નથી, પરંતુ જો તમે નરનારાયણદેવના થઈને કાયમ માટે રહેશો તો અમે તમને શોધતા આવીશું !** સચ્છાસ્ત્રો વાંચવા-સાંભળવાથી તથા તેનું મનન કરવાથી જ ભગવાનનું સ્વરૂપ ઓળખાય છે તથા નિશ્ચય થાય છે, સાચી ગુરુ પરંપરા જાણવામાં આવે છે. સાચા ખોટાનો નિર્ણય કરવાની વિવેક બુદ્ધિ પ્રાપ્ત થાય છે, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની વૃદ્ધિ થાય છે, આ લોકમાં સુખી થઈને અંતે આત્યંતિક કલ્યાણ થાય છે. માટે આળસ પ્રમાણદનો ત્યાગ કરીને શિક્ષાપત્રી ભાષ્ય, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણી, મુક્તાનંદ કાવ્ય, નિષ્કુળાનંદ કાવ્ય આદિક નંદ સંતો રચિત કાવ્યો, વાતો તથા શ્રીહરિ ચરિત્રના વિવિધ પુસ્તકો વાંચીએ-સાંભળીએ તથા ભાવિ પેઢીને વારસામાં આપીએ.

# આચાર્યશ્રીનો મહિમા તથા સંત, આચાર્ય સાથે વ્યવહાર બાબતનો ઉપદેશ

- જયમીન વી. પટેલ (બોડેલી)

શ્રીજી મહારાજે સંવત ૧૮૮૫ માઘ વદી બારસે સર્વે સત્સંગી પ્રત્યે એક પત્રી લખી હતી તેના સંદર્ભમાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ આઠ પદ દ્વારા તે વાતો વર્ણવી છે. તે આપણે જોઈએ.

**પદ-૧**

**સત્સંગી સૌ પરમ વિવેકી-ગૃહી ત્યાગી નરનારી રે,**
**અતિ સુખદાયક વચન અમારા, લેજો ઉરમાં ધારી રે.**
**પાંડે અવધપ્રસાદ ભત્રીજા, દત્ત અમારા કીધા રે.**
**તેમ પાંડે રઘુવીર અમારા, દત્ત પુત્ર કરી લીધા રે.**
**બેઉને ગૃહી ત્યાગી સૌના, ગુરુ કીધા આજ એહ રે.**
**બેઉના વચનમાં સૌને વર્તવું, મારી આજ્ઞા છે એહ રે.**
**પોતાની સમૃદ્ધિ પ્રમાણે, અન્ન વસ્ત્રાદિક લાવી રે.**
**ઈશ્વર જાણી સેવા કરવી, સેવક ભાવ જણાવી રે.**
**ગૃહી ત્યાગી સૌના હિતકારી, ઈશ્વર અંતર્યામી રે.**
**મુક્તાનંદ કહે એવી રીતે, બોલ્યા શ્રીમુખ સ્વામી રે.**

આ પદમાં મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજે પોતે કરેલ વાતનું વર્ણન કરતા કહ્યું છે કે અમોએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને ગૃહી ત્યાગીના ગુરુ કર્યા છે અને એ આચાર્યોના વચનમાં સૌને વર્તવું એવી અમારી આજ્ઞા છે. તથા પોતાની સમૃદ્ધિ પ્રમાણે અન્ન વસ્ત્રાદિકે આચાર્યશ્રીની સેવા કરવી.

**પદ-૨**

**આપત્કાળ પડે જો પોતાને, તો પણ હદે વિચારી રે,**
**એ બેઉ ગુરૂનું કરજ ન લેવુ, મારા વચન ઉર ધારી રે.**
**તેમ એ બેઉના મંદિરમાંથી પણ, કરજ ન કાઢવું લેશ રે.**
**તેમ તાંબા પીત્તળના વાસણ, આચારજ ના જે હોય રે.**
**મુક્તાનંદ કહે શ્રીમુખ વાણી, માગી ન લેવા સોય રે.**

સ્વામી લખે છે કે ગમે તેવા આપત્કાળમાં પણ ક્યારેય આચાર્ય મંદિર પાસેથી કરજ ન લેવું તેમ જ વસ્ત્ર, ઘરેણાં, વાહન, વાસણ આદિક કોઈ વસ્તુ દેવ મંદિરમાંથી કે આચાર્ય પાસેથી માંગવી નહી.

**પદ-૩** ત્રીજા પદમાં પણ સ્વામી લખે છે કે આચાર્ય પાસેથી કે મંદિરમાંથી પાત્ર, વસ્ત્ર, ઘોડા, વેલ્ય, વાહન આદિક વસ્તુ પોતાના ઘરના કામ માટે કે બીજાના કામ માટે પણ માંગવી નહી. કારણ કે દેવનું કે ગુરુનું દ્રવ્ય પોતાના ઉપયોગમાં લે તો અપરાધ થાય છે.

આ વાત શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક-૧૫૦ માં પણ લખી છે.

**પદ-૪**

**પોતાને ઘેર વિવાહ આદિક, મંગળ કારજ હોય રે,**
**અમ ઉપર કંકોતરી તેની, ક્યારે ન લખવી કોઈ રે.**
**આચારજ કે મોટેરા સાધુ, મંદિરના અધિકારી રે,**
**તે પર કંકોતરી ક્યારે, લખવી નહી એ વિચારી રે.**
**તેમ મરણની કાળાખરી પણ, હરિ ગુરુ પર ન લખાય રે,**
**લેણદેણ વ્યવહાર કર્યેથી, જન અપરાધી થાય રે.**

આ વાત આજ ના સમયમાં ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. શ્રીજી મહારાજની આજ્ઞા છે કે ગૃહસ્થોએ પોતાને ઘેર વિવાહ આદિક મંગળ પ્રસંગોમાં અમને કંકોતરી લખવી નહીં તેજ રીતે આચાર્ય કે સાધુ કે મંદિરના અધિકારી (કોઠારી આદિક) ઉપર પણ કંકોતરી લખવી નહી, તેમજ મરણની કાળાખરી (ચિઠ્ઠી) પણ ભગવાન કે ગુરુ (આચાર્ય/સંત) ઉપર લખવી નહી.

આજના સમયમાં ઘણા હરિભક્તો પોતાને ત્યાં લગ્ન, વિવાહ, બર્થ ડે, વાસ્તુ વગેરે માં સંતોને આમંત્રણ આપે છે. પરંતુ એ શ્રીજીની આજ્ઞાનું ઉલ્લંઘન છે. માટે સૌ હરિભક્તો આ વાતનું ખાસ ધ્યાન રાખશો.

**પદ-૫** સ્વામી લખે છે કે ભગવાન કે ગુરુ સાથે લેણદેણ વ્યવહાર કરવાથી અપરાધ થાય છે અને શિષ્યને અવગુણ આવે છે.

**પદ-૬** આ પદમાં સ્વામી લખે છે કે જ્યારે ગુરુ કે ભગવાન કે સંતના દર્શને જતા હોઈએ ત્યારે પોતાની ગાંઠનું ખર્ચ ખાવું. રસ્તામાં હરિભક્ત તાણ કરે તોય ત્યાં જમવું નહી. આ વાત શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શ્લોક નં. ૧૫૧ માં લખી છે. માટે સૌ ભક્તો ખાસ ધ્યાન રાખશો.

**પદ-૭** આ પદમાં સ્વામી લખે છે કે જ્યારે કોઈ ધર્માદો લેવા આવે ત્યારે અજાણ્યાને આપવો નહી પરંતુ જાણીતા તે મહોર છાપ નો પત્ર લાવ્યા હોય તો જ આપવો. મહોર છાપની અવધિ પુરી થઈ ગઈ હોય તો પણ ધર્માદો આપવો નહિ.

**પદ-૮**

**આ આઠે પદમાં રે, કે જે જે વાત લખી,**
**તેમ જે નહિ વર્તે રે, કે તે સૌ થાશે દુઃખી**
**તે વચન દ્રોહી ને રે, કે ગુરુ દ્રોહી જાણી,**
**સત્સંગથી બાહેર રે, કે ગણવો તે પ્રાણી**
**સંવત અષ્ટાદશ રે, કે પંચાસી વર્ષે,**
**માઘ વદી દ્વાદશીયે રે, કે પત્રી લખી હરખે,**
**આ પત્રીના પદને રે, કે અતી પ્રગટ કરજો,**
**વ્હાલે મુક્તાનંદને રે, કે કહ્યું તેમ ઉર ધરજો.**

આ આઠેય પદમાં જે જે વાત લખી છે તે મુજબ નહી વર્તે તો તે દુઃખી થાશે. અને તેવા વચન દ્રોહીને સત્સંગથી બાહેર ગણવો. આ પત્ર સંવત અઢારસો પંચાસીના માઘ વદી બારસને દિવસે શ્રીજી મહારાજે લખાવ્યો છે અને આ પત્રની વાત ને ખૂબ પ્રગટ કરજો એમ શ્રીજી મહારાજની આજ્ઞા છે.

તો આવો આપણે સૌ આ આઠ પદમાં જે જે વાત છે તે સ્વયં શ્રીજી મહારાજે કરેલ આજ્ઞા જાણી તેનું બરાબર પાલન કરીએ જેથી વચન દ્રોહી, ગુરુ દ્રોહથી રહિત થઈ શ્રીજી મહારાજનો રાજીપો મેળવીએ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

છપ્પનીયા દુકાળ સમયે આપણા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સમસ્ત સત્સંગને ઉદ્દેશીને એક પત્ર લખાવ્યો હતો કે અમારા સત્સંગીને કોઈ અન્ન, ધન, વસ્ત્રની તકલીફ હોય તો તેમણે અમદાવાદ મંદિરનો સંપર્ક કરવો. પરંતુ આખો કપરો સમય વીતી ગયો ત્યાં સુધી એક પણ હરિભક્ત પોતાના દુ:ખ દર્દ લઈ આચાર્ય મહારાજશ્રી પાસે નહોતા આવ્યા. બરાબર આજ રીતે હાલમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી રદ થતા સામાન્ય લોકો નાસીપાસ થવા લાગ્યા હતા પરંતુ આપણા સત્સંગી-હરિભક્તોએ સત્સંગમાંથી એવી સમજણ કેળવી છે કે કોઈ પણ જાતની ઉતાવળ કે રઘવાયા થયા વગર શાંતિથી એ પરિસ્થિતિનો સામનો કર્યો એ પણ કાયદાના દાયરામાં રહી.

નોટોની અછત બજારમાં વર્તાતી ભલે હોય પરંતુ આપણા મ્યુઝિયમમાં આવતા દર્શનાર્થીઓમાં કે અભિષેક કરાવનારની સંખ્યામાં કોઈ ફેરફાર જણાયો નહોતો. મ્યુઝિયમની ગલ્લા પેટીમાં આવતી રકમમાં પણ ફેર નથી પડ્યો કે કોઈ જૂની નોટ પણ પધરાવી નથી ગયું.

હાલમાં કાશ્મીરથી કેનેડા સુધી શીત લહેર વર્તાય છે.અને મ્યુઝિયમમાં પણ કુદરત ખીલી છે તેનો પૂરેપૂરો લાભ દર્શનાર્થીઓ તો લઈજ રહ્યા છે પરંતુ પ.પૂ.મોટા મહારાજશ્રીએ પણ કુદરત સાથે રૂબરૂ થવા માટે પોતાની બેઠક વ્યવસ્થા બહાર કરાવી છે.

મ્યુઝિયમ ઉદ્‌ઘાટનની ઘટના ને ૬ વર્ષ થઈ ગયા પરંતુ હમણાજ ઉદ્‌ઘાટન થયું હોય તેમ લાગે છે.

**આગામી માર્ચની પહેલી તારીખ ફાગણ સુદ - ૩ એટલે કે શ્રી નરનારાયણદેવના પાટોત્સવ દિને આપણા મ્યુઝિયમને ૬ વર્ષ પુરા થઈ સાતમું બેસવાનું છે. દર વર્ષની જેમજ આ વર્ષે પણ આપણા મ્યુઝિયમનો પાટોત્સવ ઉજવાશે. જે હરિભક્તોને મહાપૂજામાં બેસવાનો લાભ લેવો હોય તેમણે મ્યુઝિયમમાં અથવા દાસભાઈનો સંપર્ક કરી અગાઉથી નામ નોંધાવવા. મુખ્ય યજમાનના રૂ. ૧૧૦૦૦/- તથા સહ યજમાનના રૂ. ૫૦૦૦/- ભરી નામ નોંધાવી શકાશે.**

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ડિસેમ્બર-૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | નિર્મળાબેન ડી. મહેતા-અમદાવાદ (હ.વસંતરાય ગાંધી તથા દિનકરરાય મહેતા) |
| રૂા. ૨૦,૦૦૦/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ મંડળ વતી (હ.કંચનબેન મ.વોરા-નારણપુરા) |
| રૂા. ૧૧,૦૦૦/- | અશોકભાઈ અમૃતભાઈ વડગામા-સેટેલાઈટ |
| રૂા. ૧૧,૦૦૧/- | શાહ અરવિંદભાઈ ડી. હ. નિલાબેન શાહ |
| રૂા. ૫,૧૦૦/- | જીજ્ઞાસા વિરેન્દ્રકુમાર દેસાઈ-નવરંગપુરા, અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | પ્રશાંતભાઈ અનંતરાય ધોળકિયા (યુ.એસ.એ.) |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી-બોપલ, અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | રસિકભાઈ હરિવલ્લભભાઈ પરીખ-એલ.એ. યુએસ.એ. |
| રૂા. ૫,૦૦૦/- | હર્ષદકુમાર ચંદુભાઈ પટેલ-અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | તારાબેન ભાઈલાલભાઈ પટેલ-અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ડિસેમ્બર-૧૬

| | |
|---|---|
| તા. ૨-૧૨-૨૦૧૬ | (સવારે) સુથાર રવિકુમાર જગદીશભાઈ - ઝુલાસણ (ચિ.આરવના જન્મદિવસ નિમિત્તે-કલોલ) |
| તા. ૨-૧૨-૨૦૧૬ | (સાંજે) જયેશભાઈ માણેક - ચાંદખેડા (ચિ.ભાવિનના લગ્ન પ્રસંગ નિમિત્તે) |
| તા. ૮-૧૨-૨૦૧૬ | ગં.સ્વ.સવિતાબેન જયંતિભાઈ પટેલ - ડાંગરવા |
| તા. ૮-૧૨-૨૦૧૬ | અ.સૌ. મમતાબેન દિનેશભાઈ પટેલ - પલીયડવાળા (પ્રે.ચેતનસ્વામી-ગાંધીનગર. હા.યુ.એસ.એ.) |
| તા. ૮-૧૨-૨૦૧૬ | બળદેવભાઈ એમ. પટેલ - યુ.એસ.એ. (પ્રે. પૂ. નિર્ગુણદાસજી સ્વામી-અસારવા) |
| તા.૧૧-૧૨-૨૦૧૬ | અ.નિ.કંચનબેન કિશનલાલ કાછીયા - લુણાવાડા (હ.હિતેશકુમાર કિશનલાલ કાછીયા) |
| તા. ૧૪.૧૨-૨૦૧૬ | ખીમજી શામજી લાલજી હિરાણી - મોમ્બાસા |
| તા. ૧૮-૧૨-૨૦૧૬ | રીટાબેન કિશનભાઈ પટેલ - વડુવાળા-શિકાગો |
| તા. ૧૮-૧૨-૨૦૧૬ | શશીબા નારણભાઈ પટેલ - વડુવાળા-શિકાગો |
| તા. ૧૮-૧૨-૨૦૧૬ | જ્યોત્સનાબેન નારણભાઈ પટેલ - વડુવાળા-શિકાગો |
| તા. ૨૩-૧૨-૨૦૧૬ | દેવરાજ પ્રેમજી કેરાઈ - એલ.એ. - યુ.એસ.એ. |
| તા. ૨૫-૧૨-૨૦૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર - ગવાડા સત્સંગ સમાજ |
| તા. ૨૭-૧૨-૨૦૧૬ | શ્રી ભાવિન નવિનચંદ્ર પાઠક - અમદાવાદ (હા.લંડન) |
| તા. ૨૮-૧૨-૨૦૧૬ | અ.નિ. પ્રકાશભાઈ ભલાભાઈ પટેલ - યુ.એસ.એ. (હ.સંજુલ પ્રકાશભાઈ પટેલ, દર્શ પ્રકાશભાઈ પટેલ - પ્રે. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# બાળવિભાગ

- પ્રફુલ ખરસાણી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નિ | બ્ર | ધી | જો | પ્રે | મા | નં | દ | સ્વા | મી |
| ષ્કુ | હ્મા | કા | જી | લા | ગા | તા | ચં | ગો | સુ |
| ળા | નં | દે | વા | નં | દ | સ્વા | મી | પા | ખા |
| નં | દ | બ | દા | ગા | ર્મ | ર | સિ | ળા | નં |
| દ | સ્વા | ગ | સ | ચ | ર | મુ | ડો | નં | દ |
| સ્વા | મી | ર્મ | ચ | રા | ખા | ક્તા | ચં | દ | સ્વા |
| મી | ઝી | ગા | ર | શ | તા | નં | દ | સ્વા | મી |
| સે | ણિ | ભા | ચં | શં | ડુ | દ | હે | મી | ણા |
| ગુ | ણા | તિ | તા | નં | દ | સ્વા | મી | મા | ભા |
| નિ | ત્યા | નં | દ | સ્વા | મી | મી | દ | બા | મા |

બાળ મિત્રો શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે દરેક કળામાં નિપૂણ એવા નંદ સંતો રહેતા. તેમના નામ ઉપરના ચોકઠામાં આડા અવળા થઈ ગયા છે તો તમારે ઓરેન્જ કલરની સ્કેચપેન લઈ તે નંદ સંતોના નામ શોધી અને તેની ફરતે લાઈન કરી અલગ લીસ્ટ કરવું અને શાસ્ત્રોમાંથી કે સંતો પાસેથી તે નંદ  સંતો વિશે જાણવાનો પ્રયત્ન કરવો.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ચારિત્ર્ય નિર્માતા - શ્રી સ્વામિનારાયણ ભગવાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति य मामकैः ।

વ્હાલા મિત્રો ! શિક્ષાપત્રીનું આ સંસ્કૃત વાક્ય કદાચ જલ્દી નહીં સમજાય. પરંતુ આ સત્ય ઘટના વાંચ્યા પછી તમને બધો જ ખ્યાલ આવી જશે.

જગતના કલ્યાણ માટે સ્વામિનારાયણ ભગવાને ઉત્તર ભારતની યાત્રા પૂર્ણ કરી, તીર્થોને પાવન કરીને દક્ષિણ ભારત તરફ પ્રયાણ શરૂ કર્યું. ફરતા ફરતા તીરૂપતિ બાલાજી પહોંચ્યા. ત્યાંથી આગળ રામેશ્વર તરફ જવા પ્રયાણ કર્યું. રસ્તામાં એક બનાવ બન્યો.

સેવકરામ નામનો એક યાત્રિક એ રસ્તેથી રામેશ્વર જવા ચાલ્યો જાય છે. પોતાની સાથે થોડા અન્ય યાત્રિકો અને બે-ત્રણ શિષ્યો પણ ખરા.

રસ્તામાં વેઠવી પડતી અનેક વિંટબણાઓને લીધે સેવકરામ બિમાર પડ્યો. બે-ત્રણ દિવસમાં તો મંદવાડ ખૂબ વધી ગયો. અને સંગ્રહણીના હઠીલા દર્દમાં સપડાયો. બધાને લાગ્યું કે હવે આ યાત્રિક તો નહિ બચે તેથી ધીમે-ધીમે સૌ ચાલ્યા ગયા. એમના શિષ્યો પણ એમનો ત્યાગ કરી ગયા.

સેવકરામ પાસે એક હજાર રૂપિયાની સોનામહોરો હતી પણ સોના મહોરો કાંઈ સેવા કરી શકે ? ઘણા અજ્ઞાની માને છે કે સંપત્તિ હોય તો બધા જ સારા વાના થઈ શકે. પરંતુ સહકાર વિના સંપત્તિ કશું જ કરી શકતી નથી. આ સેવકરામ પાસે હજાર રૂપિયાની સંપત્તિ હોવા છતાં એ દુઃખી થઈ ગયો. અને પોતાની ચાકરી કરનાર કોઈ ન હોવાથી ઉંચે સાદે રડવા લાગ્યો.

સ્વામિનારાયણ ભગવાન એ વખતે યાત્રા કરતાં કરતાં તિરૂપતી બાલાજીથી રામેશ્વર પધારતા હતા. અને રસ્તામાં આ સાધુને રડતા જોયો. એટલે તેની પાસે જઈ આશ્વાસન આપ્યું અને જોયું કે ફકત આશ્વાસનથી રોગ મટશે નહી. આશ્વાસનની સાથે ચાકરી પણ કરવી જોઈએ. પોતાની યાત્રા થંભાવી દઈને પ્રભુ ત્યાં રોકાઈ જાય છે અને સેવકરામની સેવા કરવા લાગી જાય છે. દરરોજ કેળાના બગીચામાંથી કેળપત્રો લાવીને એક હાથ ઊંચી પથારી કરી આપતા. સ્નાન કરાવતા અને ખૂબ ચાકરી કરતા. ધીમે-ધીમે એ સેવકરામને કાંઈક ઠીક થવા લાગ્યું. પેટમાં કંઈક અનાજ પચવા માંડ્યું.

બાજુના ગામડાઓમાંથી ભિક્ષા માંગી લાવીને તેમાંથી સારી રસોઈ બનાવી પ્રભુ સેવકરામને જમાડતા. પછી સેવકરામને પથારીમાં સૂવાડી પોતે ફરીથી ભિક્ષા માટે ગામમાં જતા. કદાચ બીજીવાર ભિક્ષા ન મળતી તો ઉપવાસ પણ થતો. આ બાજુ સેવકરામને હવે ભૂખ ઉઘડી છે. તે દરરોજ પોતાના પૈસા આપીને પ્રભુ પાસે ગામમાંથી ઘી, ખાંડ વગેરે મંગાવતો અને જમી લેતો.

દુનિયામાં દુઃખો અનેક છે એ વાત સાચી પણ ઘણાં દુઃખો પોતાના સ્વભાવને કારણે જ આવે છે. બધા માણસો આમને એકલો મુકીને ચાલ્યા ગયા. એમના શિષ્યોએ પણ સેવા ન કરી એમાં સેવકરામનો કંજૂસ સ્વભાવ પણ કારણ ખરો જ. ભગવાને આટલી બધી સેવા કરી છતાં પોતે પોતાના પુરતું બનાવરાવીને ખાય છે. પણ પ્રભુને જમાડતો જ નથી. ભગવાન તો નિઃસ્વાર્થી છે. એમને જીવો સાથે કશો સ્વાર્થ હોતો નથી. જીવોના અવગુણ સામે પ્રભુ જોતા નથી. એક મહિના સુધી સેવકરામની સાથે રહીને તેમની સેવા કરી. હવે એ યાત્રિક સરસ સાજો તાજો શેર ઘી જમી પચાવી શકે તેવો થયો. પણ સ્વભાવ ન ગયો. એમણે માન્યું કે આ વગર પગારનો વેઠીયો સારો મલી ગયો છે. પોતાનો એક મણનો ભાર પ્રભુ પાસે ઉપડાવે ને પોતે ખુલ્લાં હાથે ચાલતો. પણ ભગવાન ભક્તોના પ્રેમ ભાર ઉપાડે છે પણ ધનભાર નહીં. સેવકરામની સેવા કરી સાજો સારો બનાવી પછી પ્રભુ ત્યાંથી રામેશ્વર પધાર્યા હતા.

સુચારિત્ર્યનું નિર્માણ એકલા ઉપદેશથી થતું નથી. એની સાથે એવા જ આચરણો જોઈએ છે. ઉપદેશ અને આચરણ વડે જ જગતમાં ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે છે.

ઈતિહાસ સાક્ષી પુરે છે કે ગુજરાત, કચ્છ,

કાઠીયાવાડમાં સહજાનંદ સ્વામીએ અજબ જાગૃતિ આણી હતી. પછાત ગણાતી કેટલીય કોમોને એમણે ઉચ્ચ જીવન વાળી બનાવી હતી. ચોર લૂંટારાઓને સમાજના સાચા સેવકો અને ભક્તો બનાવ્યા હતા. સમાજમાં માનીવય અને ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન કર્યું હતું. આ બધું શાથી થયું ?

સર્વોપરી શ્રીહરિ એ જ એનો ખુલાસો કર્યો છે. એમણે જે જે કર્યું છે તે એકલા ઉપદેશ દ્વારા નહી પણ આચરણ દ્વારા કર્યું છે. એને માટે ઉપરનો દાખલો વાંચતા જ આપણને યાદ આવશે કે યાત્રામાં જતા હતા છતાં માંદા માણસની સેવાને પ્રથમ સ્થાન આપ્યું અને પછી શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે માંદો એવો જે હરકોઈ મનુષ્ય તેની ચાકરી જીવનપર્યંત કરવી.

શુષ્ક અને લુખા ઉપદેશથી સમાજમાં સુચારિત્ર્યનું નિર્માણ થઈ શકતું નથી. સમાજને ચારિત્ર્યવાન બનાવવા સહજાનંદ સ્વામીએ જાતે ભૂખ તરસ વેઠીને અનેક અપમાનો સહન કરીને પણ સમાજની સેવા કરી છે. સેવા અને સમર્પણ વડે સમાજના જીવનમાં દિવ્ય જ્યોતિ પ્રગટાવી છે. સમાજને ઉચ્ચ ચારિત્ર્યવાળા બનાવવા માટે અનેકવિધ રસ્તાઓ સૂચવ્યા છે. આજે આ યુગમાં જ્યાં ને ત્યાં ચારિત્ર્યની પડતી જોવામાં આવે છે. સર્વત્ર માનવતાહિન વર્તણુંક, નીતિ, સંયમ, સેવા જેવા સદ્‌ગુણોનો તો જાણે ઉપહાસ થઈ રહ્યો છે. આવા યુગમાં પણ ચારિત્ર્ય નિર્માતા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના આચરણો અને ઉપદેશોને આપણે યાદ કરીશું, જીવનમાં ઉતારીશું તો સુચારિત્ર્યની પુનિત સરવાણી આપણા જીવનમાં જરૂર વહેતી રહેશે.

●

### સર્વોપરી મહામંત્ર

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વ્હાલા મિત્રો ! તમને ઘણીવાર એવો વિચાર આવતો હશે ને કે આપણી પાસે એવી કોઈ શક્તિશાળી વસ્તુ આવી જાય કે જે વિચાર કરીએ તે બધુ કામ સહેજે સહેજે થઈ જાય ! તમને ખબર છે કે એવું શક્તિશાળી પરિબળ આપણી પાસે છે એ પરિબળ શું હશે ? નથી ખબર ? તો આજે આપણે એ પરિબળ વિશેની જાણકારી મેળવીએ અને તે પરિબળ કેવું કાર્ય કરે છે તે પણ જાણીએ.

મિત્રો ! તમે તૈયાર છો ને ? ચાલો તો હવે આ વાત વાંચો. આ વાત કોઈ મનગડંત નથી પણ આપણા સંતોના વાર્તા સાહિત્યમાં આ વાત નોંધાયેલી છે. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ છપૈયાથી પાછા અમદાવાદ આવી રહ્યા હતા. આ સમાચારની જાણ થઈ એટલે માણસાના નરસીભાઈને વિચાર આવ્યો કે મહારાજશ્રી છપૈયાની યાત્રા કરીને પરત આવી રહ્યા છે તો ચાલો સામા જઈને તેમનું સ્વાગત કરીએ.

નરસીભાઈ તથા સાથે થોડા સંતો અને હરિભક્તો માણસાથી ખેડા જીલ્લાના ચિખલોડ ગામ સુધી સામે ગયા. ચિખલોડમાં મહારાજશ્રીના દર્શન કર્યા. પગે લાગ્યા. સભા ચાલુ હતી. રાત્રિનો સમય હતો. નરસીભાઈને લઘુશંકા કરવા જવું પડ્યું તેથી સભાથી થોડે દૂર લઘુશંકા કરવા ગયા. ત્યાં ભયંકર કાળા નાગે દંશ દીધો. નરસીભાઈના મુખમાંથી સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... ચીસો નીકળી ગઈ. સાંભળીને સભામાંથી સહુ ત્યાં પહોંચ્યા. ગામ લોકો કહેવા લાગ્યા, અહીં બહુ ભયંકર નાગ છે. તે જેને કરડે તે કોઈ બચતું નથી. પણ નરસીભાઈ અર્ધબેભાન અવસ્થામાં બોલ્યા કે સહુ ધૂન કરો. મહારાજશ્રી, સંતો, હરિભક્તો સહુ ધૂન કરવા લાગ્યા. અડધો કલાક જેટલો સમય પસાર થયોને નરસીભાઈના શરીરમાં પ્રસરી ગયેલું ઝેર ધીમે ધીમે દૂર થવા લાગ્યું ને થોડી વારે તો નરસીભાઈ સ્વસ્થ થઈ ગયાને સહુ સત્સંગીઓ સાથે ધૂન બોલાતી હતી એમાં જોડાઈ ગયા.

ત્યાં ઉપસ્થિત સહુ સંતો, ભક્તો તથા ચિખલોડ ગામના સહુ ભાવિકો તો અચરજ પામી ગયા. આ શું !! જેને આ નાગ કરડ્યો છે તેમાંથી હજુ સુધી કોઈ બચ્યાં નથી તરત જ મૃત્યુ પામી જાય છે પણ આ તો એકદમ સ્વસ્થ થઈ ગયા !!! આ તે કેવો ચમત્કાર !! બધા વિસ્મયથી વિચારવા લાગ્યા. આપણા સંતોએ લખ્યું છે કે ''સ્વામિનારાયણ'' નામ એ ષડક્ષરી મહામંત્ર બહુ બળિયો છે. તેના રટણથી ગમે તેવા પાપીનું પણ કલ્યાણ થઈ જાય. સંતો એ તો એટલે સુધી પણ લખ્યું છે કે જો પુરી આસ્થાથી આ નામનું સ્મરણ કરવામાં આવે તો કાળાનાગનું ઝેર પણ ઉતરી જાય તેવો સમર્થ આ મંત્ર છે.

**''ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ,**
**સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે''**

મિત્રો ! હવે ખ્યાલ આવ્યો કે આપણી પાસે ક્યું શક્તિશાળી પરિબળ છે ? જો ઘણીવાર આપણને ખ્યાલ ન હોય તો હાથમાં ચિંતામણી હોય છતાં પથ્થર સમજી તેનો કાગડા ઉડાડવા ઉપયોગ થઈ જાય અને પછી ખ્યાલ આવે ત્યારે પસ્તાવાનો પાર ન રહે. માટે પછીથી પસ્તાવું ન પડે તે માટે અત્યારથી જ આપણી પાસેના શક્તિશાળી પરિબળને સતત સ્મરણમાં રાખીએ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
**"સંસારમાં ૩૬૫ દિવસ આપણું જાગરણ જ છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

અધ્યાત્મની બાબતમાં આપણે જન્મોજન્મથી નિંદ્રામાં જ છીએ સૂતાજ છીએ. જાગ્યા છીએ. પરંતુ બહુ જ ધીમે ધીમે જાગ્યા છીએ. નિંદ્રા ખૂબ મોટી છે. તોફાન ખૂબ જ છે. જાગરણ છે. પરંતુ સૂવાની જેમ જ છે. જેમ દિવો કાયમ પ્રજવલિત રાખવો હોય તો બહુજ ધ્યાન રાખવું પડે. ગમે ત્યારે ઓલવાઈ જાય નહિ તેના માટે સજાગ રહેવું પડે છે. પરંતુ આપણે તો માનવા જ તૈયાર નથી કે આપણો દિવો ઓલવાય છે. કેમ કે ? આપણો અહ્‌મ નડે છે ! બધાની વાત આપણે માનતા જ નથી. આપણે અહીંયા સભામાં બેઠા હોય ને તો પણ ઉંઘ આવી જાય છે. અહીંયા સત્સંગમાં બેસીએ તો મનને શાંતિની અનુભૂતિ થાય છે. તો ઉંઘ પણ ક્યારે આવે ? તો મન શાંત થાય ત્યારે, તો આપણે ઉંઘી જઈએ ને તો બાજુવાળા જગાડે કે જાગો. તો આપણે શું કહીએ છીએ, ના, ના બેન હું તો જાગું જ છું. આપણું મન માનવા તૈયાર જ નથી કે આપણે ઉંઘી ગયા છીએ. એટલે કે આપણે આપણામાં રહેલા દોષનું રક્ષણ કરીએ છીએ. તો પોતાના દોષનું રક્ષણ નહિ કરતા સ્વીકારી લેવું જોઈએ. કેમ કે, મહા મહેનતે આ દુર્લભ મનુષ્યદેહ અને સત્સંગ મળ્યો છે તો સતર્ક રહીને કામ કાઢી લેવું જોઈએ. આપણામાં રહેલા દરેક દોષનું એવું છે. જો સ્વીકારી લઈએ અને દૂર કરવાનો પ્રયત્ન કરીએ ને તો આપણામાં દોષ રહેતા નથી. પરંતુ આ જગતની માયામાં અજ્ઞાનતાવશ એટલા બધા ફસાયા છીએ કે આપણને એવું જ લાગે છે કે આપણે જે કરી રહ્યા છીએ તે બરાબર જ છે. અને જે વસ્તુ આપણી પાસે નથી તેને આપણે રાત-દિવસ મહેનત કરીને મેળવીએ છીએ અને મળી જાય છે પછી તેની મહત્તા ઘટી જાય છે. અર્થહિન લાગે છે. કેમ કે તે વિનાશી સુખ છે ? જેમ ઈન્દ્રધનુષ આકાશમાં દેખાય છે. તેમા સાત રંગો હોય છે. પણ પકડવા જઈએ તો કાંઈ પણ (એક પણ રંગ) હાથમાં આવતુ નથી. જ્યાં સુધી જોઈએ છે ત્યાં સુધી હોય છે. દૃષ્ટિની બહાર એનું કાંઈ અસ્તિત્વ જ નથી. માયાનું પણ એવું છે. જોવાનું બંધ કરીએ તો બંધ થઈ જાય છે. પરંતુ આપણો મોહ છે. માટે આ માયિક જગતમાં આપણામાં સ્થિરતા આવતી જ નથી. માયા એટલે મનનો વિચાર, મન એટલે ભીતરની માયા, માયા એ બહારનું મન છે.

અને સત્ય એટલે શું ? તો આપણે માનીએ કે ન માનીએ પણ જે વસ્તુ યથાર્થ માનવા કે જોવા પર નિર્ભર નથી તે સત્ય છે. તેને અનુભવી શકાય છે. કઈ રીતે ? તો સત્યના માર્ગ પર ચાલવાથી માણસ સુખી થાય છે. તેમ છતાં માણસને સત્યમાં રુચિ નથી. કેમ કે, સત્ય હંમેશા એક સરખું છે. અને માણસને વિવિધતા ગમે છે. માટે માણસ કંટાળી જાય છે. ધારો કે આપણે ટી.વી.માં સમાચાર કે કોઈ પણ કાર્યક્રમ જોતા હોય તો એક એક ક્ષણે દશ્યો બદલાય છે. તો આંખોને એ ગમે છે. કેમ કે તેમાં વિવિધતા છે. એટલા ઝડપથી દશ્યો બદલાય છે કે દરેક દશ્ય માટે વિચારવું હોય તો આપણે વિચારી જ ન શકીએ. માણસના જીવનમાં પણ એવું છે. એક પ્રવૃત્તિ પછી બીજી પ્રવૃત્તિ સતત ચાલ્યા જ કરે છે. માણસ પાસે સમય જ નથી .અને જો ટી.વી.ના પડદા પર પાંચ મિનિટ સુધી એક ને એક જ દશ્ય દેખાય ને બદલાય નહિ તો પાંચ મિનિટમાં માણસ કંટાળી જાય છે. ઉભા થઈ જાય છે. તો કહેવાનો અર્થ છે કે માણસના મનને પણ સ્થિરતા ગમતી નથી. અને માણસને પણ અસ્થિરતા ગમે છે. આપણો કોઈ ભ્રમ (ભ્રમ એટલે આપણી માન્યતા) તુટી જાય તો એ માણસને ગમતું નથી. અર્થાત્ જગતમાં જે પરિવર્તન થાય છે. હકીકત બદલાય છે આ બધુ માણસને ગમે છે. માટે જ બધું જાણવા છતાં અહીંયા રહેવાનું ગમે છે. બધાને ખબર છે કે ભગવાનમાં સુખ છે. છતાં પણ માણસ આ જગતની વિવિધતામાં ફસાય છે. દા.ત. ચાર પાંચ જાતના જુદા જુદા સોનાના, પિત્તળના, ચાંદીના સ્ટીલના, માટીના એમ

વિવિધ ગ્લાસ પાણીથી ભરેલા હોય તો વિવિધ ગ્લાસનું દશ્ય જોઈને ભ્રમિત થઈ જવાય છે. ને બધા સોનાના ગ્લાસ લેવા દોડશે. બધાને ખબર છે કે તરસ માત્ર પાણીથી છિપાય છે. કોઈપણ ગ્લાસમાં પાણી પીવાથી તરસ તો છિપાઈ જ જશે તો પણ માણસ થોડીવાર માટે પણ ભ્રમિત થઈ જ જાય છે. કેમ કે ? આપણે અંતરમાં સંસાર વસાવીએ છીએ ને તે સ્થિર થઈ ગયો છે. સંસારની બાબતમાં ૩૬૫ દિવસ આપણું જાગરણ જ છે. તો અંતરમાં જાગ્રત થવાની જરૂર છે. તો આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે આપણું જાગરણ અધ્યાત્મ તરફ વધે અને થોડી વાર માટે પણ આપણે ભ્રમિત ના થઈ જઈએ, આપણે પ્રાર્થના ગાઈએ છીએ ને.

'મહા બળવંત માયા તમારી' એવું મહારાજ પાસે કાયમ માગવાનું અને તમારા બધાનો સત્સંગ અને ભક્તિ દિનપ્રતિદિન વધતા રહે તેવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

●

### "ધર્મ પરાયણ"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આપણો ભારત દેશ તે ધર્મ પ્રધાન દેશ છે. જે દેશની અંદર અનેક ભગવાનના અવતારો થઈ ગયા છે. અનેક સંત મહાત્માઓ થઈ ગયા છે. જગતની અંદર ઘણાં સુખી દેશો હશે. પરંતુ તે દેશની અંદર માણસને શાંતિ નહી મળે. તેનું મુખ્ય કારણ ત્યાં ધર્મ નથી. જ્યારે આપણો આ દેશ દુનિયાની શાંતિ પ્રધાન ગણાતો હોય તો તેનું મુખ્ય કારણ ધર્મ છે. ભારત દેશની અંદર ધર્મને માટે અનેક રાજા-મહારાજાઓ તથા સંત મહાત્માઓએ અનેક કષ્ટ સહન કરી ધર્મને શિર સાટે પાળ્યો છે. જે માણસ શ્રધ્ધા પૂર્વક ધર્મ પાળે છે તેની ભગવાન રક્ષા કરે છે. શ્રધ્ધાપૂર્વક ધર્મનું પાલન કરનાર ભક્તની ભગવાને રક્ષા કરી હોય એવા અનેક દાખલાઓ જોવા મળે છે.

રામાયણની અંદર જોઈએ તો ખ્યાલ આવે કે, રાવણ અને કુંભ કર્ણ જેઓ પાપના પર્વત સમાન ગણાતા, તે કાળા પહાડોની વચ્ચે એક સુંદર હરિયાળી ટેકરી ઉત્પન્ન થઈ જેને આપણા શાસ્ત્રો ભક્ત વિભીષણ તરીકે ઓળખાવે છે. વિભીષણને અનેક કષ્ટો આવતા છતાં પણ પોતાનો ધર્મ ન છોડ્યો. ત્યારે ભગવાન રામચંદ્રજીએ ભક્તની રક્ષા કરી છે ને સુખી કર્યો છે.

ભાગવત્‌ની અંદર જોઈએ તો ખ્યાલ આવે કે, જેમ કાદવની અંદર સુંદર મજાનું કમળ ઉત્પન્ન થાય છે. અને તેને ટાઢ-તડકો તથા તથા વરસાદની ઝડીઓ સહન કરવી પડે છે. છતાંય તે કમળ પોતાની કોમળતાનો ત્યાગ કરતું નથી. કેમ કે તેને પરમાત્માનું સામિપ્યપણું પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે રાક્ષસ કુળની અંદર સુંદર મજાનું કમળ ઉત્પન્ન થયું જેને આપણે ભક્તરાજ પ્રહલાદ તરીકે ઓળખીએ છીએ. જે ભક્તને અનેક કષ્ટો સહન કરવા પડ્યા છતાંય પોતાના પ્રાણ કરતા પણ પ્રિય એવો ધર્મ તે ન છોડ્યો. તો પરમાત્માએ તેમની રક્ષા કરી. અને જેને અવિચળ પદ આપ્યું.

સત્સંગિજીવનની અંદર જોઈએ તો ખ્યાલ આવે કે જે ભોંયરા ગામના નાજા જોગીયા જે ભક્તે શિર સાટે, જીવને જોખમે શ્રધ્ધાપૂર્વક ધર્મને પાળ્યો તો સ્વામિનારાયણ ભગવાને અર્ધી રાત્રે તેમના દુ:ખ સામું જોઈને રક્ષા કરી છે. નાજા જોગીયા ભોંયરા ગામમાં ફરી ફરીને શ્રીહરિના મહિમાની વાતો કરે અને પોતે ભગવાન સ્વામિનારાયણનું ભજન કરે ને ધર્મનું બરાબર પાલન કરે છે. દ્વેષી લોકોથી નાજા જોગીયા જે ધર્મનું પાલન કરતા હતા તે ન જોઈ શકાયું. એટલે તે લોકોએ ગામના રાજા જે વાસુર ખાચર તેની પાસે જઈને નાજાજોગીયાની ફરિયાદ કરી. જે નાજો મોટો ભગતડો થયો છે ને ગામ બગાડે છે. ગામના માણસોને અવળે માર્ગે દોરે છે. વાસુર ખાચર અતિ ક્રૂર પાપી હતો. તેના રાજ્યમાં એવો નિયમ કર્યો હતો કે કોઈ ચીભડું ચોરે તેને મૃત્યુ દંડ થતો તે બધાના હાથ પગનાં ઘૂંટણ ભાંગી ને બધાને આકરો દંડ દેતો. એવો ક્રૂર હતો. ગામ લોકોની વાત સાંભળી એટલે રાજાએ નાજા જોગીયાને કહ્યું કે મને આવતી કાલે સવારમાં તારો ભગવાન દર્શન આપે, જો નહી આપે તો તારી પણ કેદીઓના જેવી દશા કરીશ. અને એમાંથી જો તારે બચવું હોય તો તારા ધર્મનો ત્યાગ કર અને આ મોટા ચાંદલા ને કંઠી એ બધાનો ત્યાગ કરીશ તો તું બચી જઈશ. પણ જે ભક્ત શુરવીર છે ને પ્રભુનો મહિમાને નિશ્ચય છે તેને ગમે તેવું દુ:ખ આવે છતાંય તે શિર સાટે ધર્મનું પાલન કરતો

હોય છે. ભગવાન તો તે સમયે ગુજરાતમાં વડનગર વિસનગર યજ્ઞ કરાવતા હતા. તે સમયમાં વર્તમાન કાળની સમાન ટેલિફોન કે ફેક્સની વ્યવસ્થા ન હોતી કે તાત્કાલિક સમાચાર પહોંચાડી શકાય. શ્રીહરિએ પોતાની અંતર્યામી શક્તિથી જાણ્યું કે મારો ભક્ત દુઃખી છે. તો મારે રક્ષણ કરવું જોઈએ. ભગવાન પોતાની દિવ્ય શક્તિથી ૩૦૦ થી ૩૫૦ કિલોમીટરનો લાંબો રન કાપીને ભોંયરા ગામે હાજર થયા. નાજા જોગીયાને મળ્યા. જેમ જળ વગરની તરફડતી માછલીને જળ મળી જાય ને આનંદ થાય એવી જ રીતે નાજા જોગીયાને પ્રભુ સવારમાં મળી ગયા એટલે આનંદ થયો. સવારે નાહી-ધોઈ-પૂજા-પાઠ કરીને કચેરીમાં જવા રવાના થયા. રસ્તામાં બરાડા સંભળાયા. મહારાજે કહ્યું કે આ બરાડા કોણ પાડે છે ? ભક્તે કહ્યું કે, મહારાજ આ ગામનો રાજા અતિ પાપીને ક્રૂર છે. જો કોઈ એક રૂપિયાની અથવા હજાર રૂપિયાની ચોરી કરે તો તેના હાથ-પગના ઘૂંટણ ભાંગી નાખે છે. ને જેલમાં પૂરી દે છે. મહારાજ કહે છે કે, તો તેને મારે દર્શન નથી દેવા. ત્યારે નાજા જોગીયા પ્રભુના ચરણમાં પડી ગયાં ને કહ્યું કે, હે પ્રભુ તમે જો એને દર્શન નહીં આપો તો મારી પણ આવી જ દશા થશે. મહારાજે રાજાને સમાધિ કરાવીને યમપુરીમાં મોકલ્યો. ને યમનો માર ખવડાવ્યો. જેથી રાજા સમાધિમાંથી જાગીને ભગવાનના ચરણમાં પડ્યો ને ક્ષમા માગીને વર્તમાન ધારીને સત્સંગી થયો. આમ નાજા જોગીયાની મહારાજે રક્ષા કરી છે. માટે જ્યાં ધર્મ છે. ત્યાં જ સુખ શાંતિ છે. સર્વે મનુષ્યો સુખ ઈચ્છે છે અને એ સુખ ધર્મથી મળે છે. માટે સર્વેએ ધર્મનું પાલન કરવું.

સ્વર્ગમાં જેમ અમૃત રહેલું છે. ચિંતામણીમાં જે ચિતવે તે મળે છે. તેમ કલ્યાણકર એવા ધર્મમાં નિરંતર સુખ રહેલું છે. મોક્ષ જેવી મહા દુર્લભ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે ધર્મ મુખ્ય હોવો જોઈએ.

જ્યારે મનુષ્યમાં ધર્મ પ્રધાન હતો ત્યારે જગતમાં સુખ અને શાંતિનું સામ્રાજ્ય હતું. કાળ ક્રમે ધર્મના પાલનમાં લોકો શિથિલ થતા ગયા તેમ તેમ વિપત્તિઓ અને અશાંતિ વધતી ગઈ છે. આજે સંસારમાં સર્વત્ર વાહ વાહ કરવા માટે લાખો રૂપિયાનું પાણી કરે છે. પણ જો એ ધન ધર્મના વિકાસમાં વપરાય તો જ શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જાય. સમગ્ર વિશ્વના પ્રાણીઓ દુઃખ દાવાનળથી દગ્ધ થઈ રહ્યા છે. એનું મુખ્ય જો કારણ હોય તો પરમાત્માને ભૂલીને ધર્મનો તિરસ્કાર કરી પશું ધર્મનું આચરણ કરી દીધું એજ છે.

બ્રેક વિનાની કિંમતી ગાડી વહેલી મોડી અથડાઈને વિનાશ પામે છે. તેમ ધર્મહિન લોકો અતિ દુઃખી જ થાય છે. ધર્મ એ બ્રેકની પેઠે અવળે માર્ગે જતા મનુષ્યને અટકાવી સદ્‌વિચારથી સન્માર્ગ પર લઈ જાય છે. ભૌતિક ઉન્નતિના શિખરે પહોંચેલા કેટલાક તત્વચિંતક લોકો હવે ભૌતિક અભિમાન છોડી ભારતીય વૈદિક સંસ્કૃતિ એજ વિશ્વની સુખ શાંતિનું સર્વોત્તમ સરળ સાધન છે. માટે મોક્ષ માર્ગમાં ચાલવા માટે ધર્મ રાખવો જરૂરી છે. જે ધર્મમાં રહે છે તેનામાં ભક્તિ ઉદય થાય છે. જ્યા ધર્મ ને ભક્તિ છે ત્યાં જ ભગવાન શ્રીહરિ નિવાસ કરીને રહે છે. આ બાબતમાં કોઈ સંદેહ નથી. કેમ કે ભક્તિ પતિવ્રતા નારી છે. જ્યાં ધર્મ હોય ત્યાં જ ભક્તિ રહે છે. ધર્મ વિનાની ભક્તિ પાંગળી ગણાય છે. જ્યાં ધર્મ નથી તેનાથી શ્રીહરિ દૂર રહે છે. એમ નિશ્ચિત સમજવું. અને જેનાથી શ્રીહરિ જેટલા દૂર રહે છે તેટલું તેના હૃદયમાં આનંદનું પૂર નિવાસ કરીને રહેતું નથી. ભક્તિમાતાએ જીવુબા તથા લાડુબાને કહ્યું છે

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

કે હું તો પતિવ્રતા નારી છું. માટે જ્યાં ધર્મ હશે ત્યાંજ હું રહું છું. તેમજ શ્રીજી મહારાજે પણ કહ્યું છે કે જ્યાં મારા માતા-પિતા હશે ત્યાં જ હું અખંડ રહું છું. માટે ધર્મ છે ત્યાં જ સર્વે સદ્‌ગુણો આવીને નિવાસ કરે છે ને સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે. માટે ધર્મ પરાયણ થવા પ્રયત્ન કરવો.

●

**"પરોપકારી સંત"**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

એકવાર મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને સાથે ચાલ્યા જતા હતા. એક ખેતરમાંથી પસાર થતા હતા. ત્યાં એક કણબીનો છોકરો પોંક ખાતો હતો. બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, આપણે આ છોકરાનું કલ્યાણ કરશું ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું હા, હા, એટલે આ બંન્ને મહાન સંતો એના ખેતરમાં ઉભા રહી અને છોકરાને બોલાવ્યો અને કહ્યું, કે છોકરા ! તું અમને પોંક આપીશ ? છોકરાએ હા પાડી. આ છોકરો મુમુક્ષુ જીવ હતો. એણે તરત જ બીજો તાજો પોંક બનાવી આ સંતોને આપ્યો. અને બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી રાજી થઈ ગયા. અને છોકરાને કહ્યું કે બોલ તારે શું જોઈએ છે ? એટલે આ છોકરાએ પ્રશ્ન કર્યો, મહાત્માઓ ! તમારી પાસે શું હોય તે મને આપો ? ત્યારે આ સંતો કહે તું બોલ તો ખરો તારે શું જોઈએ ? ત્યારે આ છોકરાએ કહ્યું, સ્વામીજી ! તમને જે સારું લાગે એ મને આપો.

ઘણીવાર બાળકને માંગતા ના આવડે. માણસ માંગવાનું કહે ત્યારે મુંઝાઈ જાય. ત્યારે આ બાળકને કેટલી સરસ વાણી સ્ફુરી ? તમને જે સારું લાગે એ આપો. ત્યારે આ બે સંતોએ કહ્યું, અમને તો ભગવાન સારા લાગે છે તને આપ્યા. યાદ રાખજે, અમે સ્વામિનારાયણ ભગવાનનાં સંતો છીએ. આટલું યાદ રાખજે. સ્વામિનારાયણ ભગવાનનાં સંતોને જમવા તેં પોંક આપ્યો હતો. છોકરો રાજી થઈ ગયો અને સ્વામિનારાયણ ભગવાનનાં સાધુને પોંક આપ્યો એ વાત કાયમ જીંદગી સુધી એણે યાદ રાખી. અને જ્યારે એની જીંદગી પૂરી થઈ ત્યારે અંતકાળે પણ એ વાત એને સ્મરણમાં આવી અને એ સ્વામિનારાયણ ભગવાનનાં ધામમાં ગયો. સંતો કેવા પરોપકારી હોય છે.

**શ્રી નરનારાયણદેવ દેશ તાબાના**
**શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજસ્થાન)**
**નિર્માણમાં સેવાનો અણમોલ અવસર**

સર્વાવતારી ભગવાનશ્રી સ્વામિનારાયણે પૃથ્વી પર પધારી અનંત જીવોને મોક્ષ ભાગી બનાવવા માટે અનેક ઉપાયો કર્યા. એમાંનો એક ઉપાય એટલે તીર્થ સ્થાનોની યાત્રા. ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશ્વમાં વસતા સર્વે આશ્રિતો માટેનું શ્રેષ્ઠતીર્થ એટલે પ્રભુની જન્મભૂમિ ''છપૈયાધામ'' આ મહાન તીર્થની યાત્રા કરવા ગુજરાતથી રોડમાર્ગે જતા ભક્તોને આજના ઝડપી યુગમાં સુગમતા પડે એવા હેતુથી માત્ર એક જ રાતના વિશ્રામથી છપૈયા પહોંચાય એવું સ્થાન એટલે ''કોટા'' રાજસ્થાન.

ભક્તોને આવી યાત્રામાં વધુ સુગમતા થાય અને આહાર-વિહારના ધર્મ સચવાય એવા શુભ હેતુથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સંકલ્પ અને આશીર્વાદાત્મક આજ્ઞાથી ''કોટા'' રાજસ્થાન મુકામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (ધર્મશાળા)નું નિર્માણનું આયોજન કરેલ છે. જેનું ખાતમુહૂર્ત પણ ખૂબ ધામધૂમથી પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે જ થયેલ છે. ત્યાંના આગેવાન ભક્તો સાથે મળી આ કાર્યની સંપૂર્ણ જવાબદારી સંભાળશે. આ સંપૂર્ણ નિર્માણકાર્ય અમદાવાદ શ્રી નરનારાયણદેવના કોઠારથી જ થશે. તો આ કાર્યમાં તન, મન, ધનથી સહભાગી થઈ દેવ, આચાર્ય, સંતો, ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરી લેવા આગ્રહ ભર્યો અનુરોધ છે.

સેવા કરવા ઈચ્છતા ભક્તોએ ચેક-ડ્રાફ્ટ અથવા રોકડથી કાલુપુર મંદિરમાં સેવા નોંધાવી પાકી પાવતી મેળવી લેવી.

: સ્થળ :

શ્રી સ્વામિનારાયણ મંદિર, મહાલક્ષ્મી પુરમ,
બારાંરોડ, કોટા-૩૨૪૦૦૧ (રાજસ્થાન)

: સંપર્ક :

મુનિ સ્વામી (કાલુપુર) : ૯૯૦૯૯૭૬૦૦૯
● નારાયણ (મયુરભાઈ)-કોટા : ૯૪૧૪૧૭૭૯૧૯
● રઘુનંદન અગ્રવાલ (ટપ્પાજી)-કોટા : ૯૮૨૯૦૩૭૧૭૯

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ સર્વે સાધનમાં ક્યું સાધન કઠણ છે ?

પ્ર. ૨ આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ ત્રણવાના તે કોને અનુસારે કરીને જાણવા ?

પ્ર. ૩ વચનામૃતમાં પ્રથમ પ્રશ્ન કોણે પૂછ્યો છે ?

પ્ર. ૪ હિરણ્યાકશ્યપુ થકી પ્રહલાદજીની રક્ષા ભગવાન નૃસિંહજીએ કરી. ભગવાન નૃસિંહજીના ક્રોધ ને શાંત કરવા પ્રહલાદજી ભગવાન પ્રત્યે શું બોલ્યા ?

પ્ર. ૫ ક્યા ચાર પ્રકારના હરિભક્ત જેનો મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે ?

પ્ર. ૬ વચનામૃતનો પ્રારંભ કઈ સાલમાં અને ક્યા સ્થળે થયો હતો ?

પ્ર. ૭ 'અમૃત પે અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સૂણાવે રે, બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. - આ કીર્તનની પ્રથમ કડી જણાવશો.

## નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી. (૨) રોચક, ભેદક, ભયાનક, વાસ્તવિક. (૩) ''હારે નહીં મેલુ રે, માવા મારા નેણુંની આગેથી નહિ મેલું રે....'' (૪) દર્શને જાઉ અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરા. (૫) સ.ગુ. રાઘવાનંદ સ્વામી. (૬) સ.ગુ. શિવાનંદ સ્વામી (ગ.પ્ર.પ્ર. ૫૭) (૭) પ્ર. ૯૩, કડી ૩૪.

૧. સાં.યો. બહેનો (વાવોલ)
૨ મહેશ ભગત (જીવરાજપાર્ક સ્વા. મંદિર)
૩ ઉષાબેન, શારદાબેન પટેલ (વાલોલ)
૪ ભક્તિભાઈ પટેલ (દેઉસણા)
૫ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ)
૬ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ - સીતાપુર
૭ પટેલ લલીતાબેન જયંતીભાઈ (અમદાવાદ)
૮ પટેલ રિંકલ પંકજકુમાર (અમદાવાદ)
૯ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૦ સરોજબેન રણછોડભાઈ પટેલ (મુબારકપુર)
૧૧ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૧૨ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૧૩ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૧૪ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૫ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૧૬ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૧૭ દિપીકાબેન કે. પટેલ (નારણપુરા)
૧૮ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૧૯ સાં.યો. મંજુબા, ભારતીબા (અમદાવાદ હવેલી)
૨૦ વીણાબેન ભાવસાર (નવરંગપુરા)
૨૧ અલકાબેન ભાવસાર ((થલતેજ)
૨૨ સુમિત્રાબેન ભાવસાર (વિસનગર)
૨૩ પન્ના પ્રકાશકુમાર ભાવસાર (ઘાટલોડીયા)
૨૪ પૂજારા ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવાવાડજ)
૨૫ પટેલ ચંદ્રપ્રકાશ ચુનીલાલ (રાણીપ)
૨૬ પટેલ દિલીપભાઈ ચંદુલાલ (નવાવાડજ)
૨૭ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૨૮ જ્યોત્સનાબેન ગાંધી (સુરેન્દ્રનગર)
૨૯ સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૩૦ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૩૧ મહિલા મંડળ (અંજલી મંદિર)
૩૨ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૩૩ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૪ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૫ ઘર સભા બહેનો (લુણાવાડા)
૩૬ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩૭ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)

**સૂચના :** પ્રશ્નપેટીના ઉત્તર લખતા ભક્તોને ખાસ સૂચન છે કે હવે પછી એકજ વ્યક્તિના લખેલ સરખા જ અક્ષરવાળા ઉત્તર સ્વીકારાશે નહી. જે તે વ્યક્તિએજ પોતાના હસ્તાક્ષરમાં જ જવાબ લખવા તેવું ખાસ સૂચન છે. અને સારા ફુલ સ્કેપ પેપરમાં જ જવાબ લખવા જેવા તેવા પેપરમાં ટુકડામાં લખેલ જવાબો સ્વીકારાશે નહીં.

પ્રશ્નપેટીના ઉત્તરો દર માસની ૨૨ તારીખ સુધીમાં સ્વીકારાશે. ત્યારબાદ આવેલ ઉત્તરો પ્રકાશિત થશે નહિ.

# સત્સંગ સમાચાર

**પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ શુભ સાનિધ્યમાં પવિત્ર ધનુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામીશ્રી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં તા. ૧૬-૧૨-૨૦૧૬ થી પ્રાતઃ ૬-૦૦ થી ૬-૩૦ દરમ્યાન સર્વોપરીશ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો શુભ પ્રારંભ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મંગળ દિપ પ્રગટાવી થયો. ધર્મનું કાર્ય તત્કાળ કરવું અને વ્યવહારનું કામ વિચારીને કરવું. આ શિક્ષાપત્રીના શ્લોકનું તાદ્દશ પાલન ધૂનના યજમાનોમાં જોવા મળ્યું. હાલની વર્તમાન નાણાકિય વ્યવહાર ધર્મના કાર્યમાં કોઈને આડો આવ્યો નહીં. દર વર્ષની જેમજ સળંગ માસ-મહિનાની અને દૈનિક ધૂન અવરિત ચાલુ રહી હતી. આખો સભા મંડપ ભક્તોની ભીડથી ચિક્કાર ભરાઈ જતો હતો. સ્વામિનારાયણ મહામંત્રનું નામ એટલું અલૌકિક અને ફળદાયી છે. જેમણે ધૂનમાં લાભ લીધો હોય તેના સિવાય કોઈને ખ્યાલ ન આવે. અમદાવાદ મંદિરની જેમ આપણા તમામ નાના મોટા મંદિરોમાં લાખો ભક્તોએ આખો માસ પર્યન્ત ભગવાનનું નામ સ્મરણ ગાઈને જીવન કૃતાર્થ કર્યું. સમગ્ર ધનુર્માસ દરમ્યાન સેવામાં બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી, શા.સ્વા. નારાયણમુનિદાસજી આદિ સંત-પાર્ષદ મંડળ અને સેવા ભાવી હરિભક્તોએ સુંદર સેવા કરીને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ-ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળનો રાજીપો મેળવ્યો છે. (કોઠારી શા. મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ધામમાં ધનુર્માસ ધૂન**

સંકલ્પ સિધ્ધ મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પવિત્ર સાનિધ્યમાં જેતલપુરધામમાં પ.પૂ.ધ.ધુ. આચાય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. શાસ્ત્રીશ્રી પી.પી. સ્વામી અને સ.ગુ. મહંતશ્રી કે.પી. સ્વામીના સુંદર પ્રયાશથી જેતલપુરધામમાં આપણા દરેક ઉત્સવો ભવ્યતાથી ઉજવવામાં આવે છે. તા. ૧૬-૧૨-૧૬ થી પવિત્ર ધનુર્માસ નો પ્રારંભ થતા જ સવારે ૬ કલાકે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનમાં સંત મંડળ, આપણી સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી બ્રાહ્મણ બટુકો, ગામના અને આજુબાજુના ગામના હરિભક્તો વહેલી સવારથી ધૂનમાં લાભ લેવા પધારતા અને છેક રાજભોગના દર્શન કરતા. આખા માસની ધૂન અને દૈનિક ધૂનમાં અનેક હરિભક્તોએ યજમાન બની મહાલાભ લીધો હતો. મહંત સ્વામી શ્રી કે.પી. સ્વામીએ સુંદર આયોજન કરીને સૌ સંત-હરિભક્તોને રાજી કર્યા હતા.

(તેજેન્દ્રભાઈ ભટ્ટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકામાં પ્રસાદીના કષ્ટભંજન દેવ સમક્ષ મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી આસો સુદ-૧૪ કાળી ચૌદશના અહીં પ્રસાદીના શ્રીકષ્ટભંજનદેવ સમક્ષ સુંદર મારૂતિયજ્ઞ વિધિવત રીતે થયો હતો. જેમાં ઘણા ભક્તોએ સેવામાં લાભ લીધો હતો. સમૂહ મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન વર્ષના ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દેવ દિવાળીના નાવા નિયુક્ત મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીનો સત્કાર સમારંભ પણ હરિભક્તો દ્વારા થયો હતો. (સત્યસંકલ્પ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨, ૧૭ મો વાર્ષિક પાટોત્સવ**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) તથા સ.ગુ. મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી અ.નિ. પ.ભ. મહેન્દ્રભાઈ નારણભાઈ મોતીભાઈના સ્મરણાર્થે ગં.સ્વ. કૈલાશબેન મહેન્દ્રભાઈ પટેલ (ઉનાવાવાળા ગાંધીનગર)ના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) નો ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧-૧૨-૧૬ થી તા. ૪-૧૨-૧૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ૧૭ મો પાટોત્સવ અભિષેક વેદવિધિસર ષોડશોપચાર પૂર્વક થયો હતો. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર) મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), બ્ર.પૂ. સ્વા. રાજેશ્વરાનંદજી, શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), મહંત સ્વામી મૂળી, કાંકરિયા, સોકલી, ઈડર, બાવળા આદિ ધામોધામના સંતોની અમૃતવાણી બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ગાંધીનગર અને આજુબાજુના ગામોના અનેક હરિભક્તોએ દર્શન કરી અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રયાગરાજ પ્રથમ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

સમગ્ર હિન્દુ ધર્મના કેન્દ્ર બિંદુ સમાન ભારતીય સંસ્કૃતિનું સર્વોચ્ચ તીર્થસ્થાન તીર્થરાજ પ્રયાગરાજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરી સર્વ અવતારના અવતારી શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીના ગુરુ અ.નિ. સ.ગુ. સ્વામી વામનપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીના સુંદર માર્ગદર્શનથી તા. ૧૬-૧૧-૧૬ થી તા. ૧૮-૧૧-૧૬ પર્યન્ત ખૂબજ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક કથા અત્રેના સંત સાધુ રામાનુજદાસના વક્તાપદે સુમધુર શૈલીમાં સંપન્ન થઈ. પોથીયાત્રા શ્રી હનુમાનજી મંદિરથી મંદિરમાં કથા સ્થળે ધામધૂમથી આવી હતી. સાથે સાથે સમૂહ ત્રિવેણી પૂજન, ગંગા સ્નાન, ગૌ પૂજન તથા સમૂહ મહાપૂજામાં ઘણા ભક્તોએ લાભ લીધો હતો. તા. ૧૭-૧૧-૧૬ ના રોજ શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્યાતિ ભવ્ય અલૌકિક ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. સંતોએ અભિષેક અને શણગાર આરતી કરી હતી. સભામાં પારાયણની પૂર્ણાહુતિની આરતી પાટોત્સવના યજમાન શ્રી સી.કે. પટેલ પરિવારે કરીને સભામાં ચિ. દિપકભાઈ તથા પૌત્ર આદિત્ય ઓજસ આદિએ સંત પૂજન કર્યું હતું.

ધામોધામથી સંતોમાં સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી (ઉમરેઠ) મહંત સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા), સ્વા. પરમેશ્વરદાસજી, સ્વામી મુક્તપ્રસાદદાસજી, શા. રામકૃષ્ણદાસજી, વિષ્ણુ સ્વામી (અમદાવાદ), વિષ્ણુ સ્વામી (ખાંભા) આદિ સંતોએ પોતાની શુભ ભાવના વ્યક્ત કરી હતી. ઠાકોરજીને વિવિધ વાનગીઓનો અલૌકિક અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

સમગ્ર ઉત્સવનું સભા સંચાલન શા.સ્વા. હરિગુણદાસજી (ઉમરેઠ)એ સુંદર રીતે સંભાળ્યું હતું. સમગ્ર વ્યવસ્થામાં કોઠારી શ્રી કમલેશ ભગત આદિ સૌ પાર્ષદોએ સુંદર સેવા કરીને ભગવાનને રાજી કર્યા હતા. યજમાન પ.ભ. ચિમનભાઈ પટેલ પરિવારે અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(સાધુ રામાનુજદાસ - પ્રયાગ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ ૧૭ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સંકલ્પ અને આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર વડુના ૧૭ માં વાર્ષિક પાટોત્સવનું મંગલ આયોજન વડનગર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ અને વડુ ગામના સાથ સહકારથી ધામધૂમથી સંપન્ન થયું.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૦-૧૨-૧૬ થી તા. ૧૨-૧૨-૧૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક

પારાયણ કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર) એ સુમધુર શૈલીમાં રસપાન કરાવ્યું હતું. તા. ૧૦-૧૨-૧૬ એકાદશીના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થતા સીધા જ ભાઈઓ અને બહેનોના મંદિરમાં આરતી પૂજા કરી સભામાં બિરાજમાન થયા હતા. પાટોત્સવના યજમાન તથા પારાયણના યજમાન અ.નિ. મંગુબેન રામભાઈ ડાહ્યાલાલ પટેલ પરિવારના પ.ભ. જયંતીભાઈ પટેલ તથા શ્રી મુકેશભાઈ પટેલ પરિવાર તથા પ્રસાદીના શ્રી હનુમાનજીના ૧૧ માં પાટોત્સવના યજમાન શ્રી ભેમદાસ શીવદાસ માધવદાસ પટેલ તથા અન્નકૂટના યજમાન પ.ભ. બકોરભાઈ નારણભાઈ પટેલ ને તેમના પુત્રો શ્રી ધર્મેન્દ્ર તથા ભાવેશકુમાર, રસોઈના યજમાન શ્રી વિઠ્ઠલભાઈ નરસીભાઈ પટેલ, ડૉ. અતુલભાઈ કાળીદાસ પટેલ, પરીનભાઈ તથા જીજ્ઞેશભાઈ બળદેવભાઈ આદિ યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો હતો. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સંસ્કાર અને સત્સંગમાં એકતા રાખી સત્સંગ કરવા ઉપર ભાર મૂકી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૧૧-૧૨-૧૬ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને પ્રસાદીના શ્રી હનુમાનજી મહારાજની પૂજા આરતી કરી મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટની આરતી ઉતારી સભામાં પધાર્યા હતાં. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને યજમાન પરિવારે પુષ્પહાર કરી પૂજન કર્યું હતું. પ.પૂ. લાલજીમહારાજશ્રીએ રૂડા આશીર્વાદમાં જણાવ્યું કે સત્સંગ એ જ આપણો પરિવાર છે. તો પરસ્પર સંપ, સ્નેહ અને શ્રી નરનારાયણદેવની અડગ નિષ્ઠા રાખવા અને યુવાનો અને બાળકોને નિત્યે મંદિર આવવા ખાસ અનુરોધ કર્યો હતો.

તા. ૧૨-૧૨-૧૬ ના રોજ અત્રેના બહેનોના રૂડા આમંત્રણને માન આપી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારી બન્ને મંદિરમાં દર્શન કરી બહેનોની સભામાં પધારી દર્શન આપી રૂડા આશીર્વાદ આપ્યા હતા. યજમાન પરિવારના બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન આરતી કરી અલૌકિક લાભ લીધો હતો.

ત્યારબાદ પ.પૂ. ગાદીવાળાશ્રી પ્રસાદીના શ્રી હનુમાનજીના દર્શને પધાર્યા હતા. અને ભેટ મૂકી પોતાના કુળદેવ શ્રી હનુમાનજીના દર્શન કરી ખૂબજ રાજી થયા હતા.

કથાની પૂર્ણાહુતિની આરતી સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ ઉતારી હતી.

સમગ્ર પ્રસંગમાં કોઠારીશ્રી જયંતીભાઈ, જસુભાઈ, સંજયભાઈ પટેલ, શ્રી પી.ટી. પટેલ આદિ સૌ નાના-મોટા હરિભક્તોએ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાળ મંડળ આદિ સૌએ ઉત્સવમાં સેવા કરી સૌનો રાજીપો મેળવ્યો હતો.

(શા.સ્વા. નારાયણવલ્લભદાસજી મહંતશ્રી, વડનગર)

**મરતોલી ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીએ ૧૦૦ વર્ષ પહેલા મરતોલી ગામનું મંદિર બનાવ્યું હતું. ત્યારબાદ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પુનઃનિર્માણ થયું હતું જેને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી મહોત્સવ ઉજવવાનું સુંદર આયોજન ધોળકા મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી (સોકલી), મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી (ટોરડા) આદિ સંત મંડળની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૬-૧૧-૧૬ થી તા. ૧૮-૧૧-૧૬ પર્યન્ત રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ સ.ગુ.શા. સ્વામી વાસુદેવચરણદાસજી (કાંકરિયા) તથા શા. અજયપ્રકાશદાસજી (ધોળકા)ના વક્તાપદે સુમધુર કંઠે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના તમામ હરિભક્તોએ સુંદર સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રી ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. યજમાન પરિવાર ઉપર ખૂબજ રાજી થયા હતા. ધામોધામથી સંતો પધાર્યા હતા. આ


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. પ.ભ. મૂળા બાપા પરિવારના શિવરામભાઈ, રમણભાઈ, બાબુભાઈ, જગદીશભાઈ આદિ પરિવાર તથા પારાયણના મુખ્ય યજમાન પ.ભ. કોઠારી મણીભાઈ વિઠ્ઠલદાસ પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગમાં ધોળકા મંદિરના કોઠારી સત્યસંકલ્પ સ્વામી આદિ સંતોએ સુંદર સેવા કરી હતી. (પૂજારી કપિલમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર ધનુર્માસ ધૂન**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬-૧૨-૧૬ થી આખા ધનુર્માસમાં સવારે ૫-૧૫ થી ૬-૧૫ સુધી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સૌ નાના-મોટા હરિભક્તોએ સાથે મળી કરી હતી.

(ગોમતીપુર મંદિર - શ્રી ન.ના. દેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામ ષષ્ઠમ્ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર) તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી અ.નિ. છોટાલાલ શામળદાસ પટેલ તથા પ.ભ. મહેન્દ્રભાઈ છોટાભાઈ પટેલ અને અ.સૌ. મધુબેન મહેન્દ્રભાઈ પટેલ પરિવારના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામનો ષષ્ઠમ્ પાટોત્સવ તા. ૧૪-૧૧-૧૬ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર કથા વાર્તાનો લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. (કોઠારીશ્રી, કાળીગામ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) તથા સ.ગુ. મહંત શા. નાના પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી મુબારકપુર શ્રી સ્વામિનારાયણ મંદિર નો છઠ્ઠો પાટોત્સવ અને શાકોત્સવ તા. ૧૭-૧૧-૧૬ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રથમ ઠાકોરજીની આરતી અને ત્યારબાદ ભવ્ય અલૌકિક શાકોત્સવનો વઘાર પોતાના વરદ્ હસ્તે કરી સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત ગામે નાની મોટી સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસ - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુર પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા**

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી તથા કનીપુર ગામના સમસ્ત હરિભક્તોના સંપૂર્ણ સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર જીર્ણ થતા નૂતન ભવ્ય મંદિરનું નિર્માણ થતા તા. ૮-૧૨-૧૬ ના રોજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૬-૧૨-૧૬ થી તા. ૮-૧૨-૧૬ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક રાત્રીય કથા સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે કાલુપુર મંદિરના મહંત સ્વામી શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, કાંકરિયા, નારણપુરા, ભૂજ, મૂળી અને નારણઘાટ આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. ગામના તમામ હરિભક્તોએ નાની-મોટી સેવામાં યજમાન બની મહા લાભ લીધો હતો. તા. ૮-૧૨-૧૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી-અન્નકૂટ આરતી કરીને સભામાં પધારી રૂડા આશીર્વાદ આપી કનીપુર ગામ ઉપર ખૂબજ રાજી થયા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર)

**સહજાનંદ ગુરુકુલ કોટેશ્વર પ્રાર્થના મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અંતર્ગત વિજય સ્થંભ સ્થાપન**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિના અલૌકિક ચરણોથી પ્રસાદીભૂત શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર (મોટેરા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (પ્રાર્થના મંદિર) પ્રાણ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ત્રિદિનાત્મક મૂર્તિ પ્રતિષ્ઠા યજ્ઞના અંગભૂત શ્રી વિજય સ્થંભનું સ્થાપન વિધિ તા. ૧૦-૧૨-૧૬ ના રોજ સવારે ૮-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્

હસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી ગાંધીનગર) અને શા.સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંતમંડળે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર

**કોચરબ સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ જેતલપુર મંદિરના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા અંજલી મંદિરના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીના માર્ગદર્શનથી કોચરબ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫૪ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૦-૧૨-૧૬ થી તા. ૧૪-૧૨-૧૬ સુધી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પ્રસંગ અંતર્ગત પંચ દિનાત્મક શ્રીમદ્‌ ભાગવત પંચાન્હ પારાયણ શા. ભક્તિનંદન સ્વામી (અંજલી મંદિર)ના વક્તાપદે સંગીતમય શૈલીમાં થઈ હતી. આ પ્રસંગે સભા સંચાલન શા. સ્વામી હરિપ્રકાશદાસજી (મકનસર મહંત)એ સંભાળ્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. પાટોત્સવના દિવસે ઠાકોરજીની મહાપૂજા, મહા અભિષેક, અન્નકૂટ આરતી કરી પૂજન કર્યું હતું. અને યજમાન પરિવાર દ્વારા કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. જેતલપુર, કાલુપુર, અંજલી, મહેસાણા, વણઝર, આબુ રોડથી સંતો પધાર્યા હતા. (મહંત કે.પી. સ્વામી - જેતલપુર)

**વિસનગર ગામે ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વિસનગર સ્વામિનારાયણ મંદિર દ્વારા તા. ૧૬-૧૨-૧૬ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સંતોના પ્રવચનો દ્વારા શાકનો મહિમા દર્શાવવામાં આવ્યો. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થતા સુંદર સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. સભામાં પ.પૂ. મહારાજશ્રી દ્વારા અલૌકિક શાકનો વધાર કરવામાં આવ્યો હતો. જેતલપુરધામના પૂ. પી.પી. સ્વામીએ શાકોત્સવનો મહિમા કહ્યો હતો. યજમાન પરિવાર તથા સેવા કરનાર ભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મહિલા મંડળની અને નાના મોટા હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. અંદાજે ૫૦૦૦ જેટલા હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર આયોજન મંદિરના નવા નિયુક્ત થયેલ કોઠારીશ્રીઓ દ્વારા તથા સમગ્ર સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. (કોઠારીશ્રી, વિસનગર)

**માંડલ ગામે શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી માંડલ ગામે ભવ્ય શાકોત્સવ તા. ૧૭-૧૨-૧૬ ના ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં જેતલપુર મંદિરનું સંત મંડળ અને શા. ભક્તિનંદનદાસજીએ કથા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી દ્વારા શાકનો વધાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જેતલપુર, અંજલી, મહેસાણાથી સંતો પધાર્યા હતા. પાટડી, કાલીયાણા, વિરમગામથી સાં.યો. બહેનો પણ પધાર્યા હતા. મહિલા મંડળ દ્વારા રોટલાની સેવા અને હરિભક્તો દ્વારા શાકોત્સવની વ્યવસ્થા સુંદર કરવામાં આવી હતી. હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

(શા. ભક્તિનંદનદાસજી)

**મહેસાણા (હાઈવે) મંદિરમાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને મહેસાણા મંદિરના મંહત સ્વામી શા. ઉત્તમપ્રિયદાસજી તથા સ્વામી નારાયણપ્રસાદદાસજીના આયોજન દ્વારા તા. ૧૮-૧૨-૧૬ ના ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પ્રસંગ દરમ્યાન વિવિધ સેવા કરનાર ભક્તોને બિરદાવવામાં આવ્યા હતા. સંતોના વરદ્‌ હસ્તે શાકનો વઘાર કરવામાં આવ્યો હતો. તથા વિવિધ ધામોથી પધારેલ સંતો-મહંતોએ પ્રાસંગિક સભામાં શાકોત્સવ મહિમાની કથા કરી હતી. આ પ્રસંગે રોટલા બનાવવાની સેવા મહિલા મંડળે અને સાથે સાથે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. જેતલપુર, કાલુપુર, અંજલી, લાલોડા, હિંમતનગર, સિધ્ધપુર, વાલી (રાજ.), જમીયતપુરા, બાપુનગર, નારણપુરા, સાયલા, ઉનાવા ધામોથી સંતો પધાર્યા હતા.

(શા. ભક્તિનંદનદાસજી)

**કલોલ-પંચવટી મંદિરમાં ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મહંત સ્વામી શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. વી.પી. સ્વામી તથા સ.ગુ. મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી ભવ્ય દિવ્ય શાકોત્સવ તા. ૨૫-

૧૨-૧૬ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ધામોધામથી સંતોએ પધારી કથા વાર્તાનો લાભ આપેલ. સંતો દ્વારા શાકોત્સવનો વઘાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જેતલપુર, અંજલી, જમીયતપુરા, આબુ રોડ, કલોલ ગુરુકુળ, કાલુપુર, લાલોડા, માણસા, નારણપુરા, ઉનાવા, મહેસાણા, મકનસરથી સંતો પધાર્યા હતા. રોટલા બનાવવાની સેવા અત્રેના મહિલા મંડળે તથા ન.ના.દેવ યુવક મંડળે પણ સુંદર સેવા કરી હતી. હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આગામી ૨૭-૧૧-૨૦૧૭ ના રોજ કલોલ પંચવટી મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાની તારીખ જાહેર કરવામાં આવી હતી. (શા. ભક્તિનંદનદાસ)

**બાલવા ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મહંત સ્વામી શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૨૧-૧૨-૧૬ થી તા. ૨૭-૧૨-૧૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી ભક્તિનંદનદાસજી (અંજલી)એ બિરાજી અદ્ભુત સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. જેમાં વિશેષ વ્યસનમુક્તિ, સ્વસ્છતા અભિયાન, બેટી બચાવો, મા-બાપની સેવા, સાક્ષરતા અભિયાન, રાજકારણથી સમાજને નુકશાન જેવા મુખ્ય વિષયોએ આકર્ષણ જમાવ્યું હતું. સંહિતાપાઠમાં શા. ઉત્તમપ્રિયદાસજી બિરાજ્યા હતા. સભા સંચાલન શા. હરિપ્રકાશદાસજી (મકનસર)એ સંભાળ્યું હતું. પ્રસંગ દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. તથા ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. રાત્રી કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી થયો હતો. રૂક્ષ્મણી વિવાહમાં સુપ્રસિદ્ધ કલાકારો, ફિલ્મ સ્ટાર ગમન સાથલા અને નિતીન બારોટ દ્વારા સુંદર પ્રોગ્રામ થયો હતો.

તા.૨૭-૧૨-૧૬ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિ કરી, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી કરી હતી. સભામાં પારાયણના યજમાન શ્રીજી સાઉન્ડ પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સૌ ભક્તોએ જીવનને ધન્યશાળી બનાવી પ્રસાદ ગ્રહણ કરી વિદાય લીધી હતી. (કોઠારીશ્રી, બાલવા)

**સોલૈયા ગામે પ્રથમ શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સોલૈયા ગામે નૂતન મંદિર નિર્માણ કરતા સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામી (જેતલપુર)ની પ્રેરણાથી પ્રથમ વખત ભવ્ય દિવ્ય શાકોત્સવ તા. ૨૮-૧૨-૧૬ ના રોજ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સોલૈયા ગામમાં જાણે આનંદની હેલી આવી હોય તેવો માહોલ હતો. સૌ કોઈ આ પ્રસંગમાં હાજર રહી સેવા કરી રહ્યા હતા. શાકોત્સવનો પ્રારંભ કીર્તન ભક્તિથી બાલવા, સોલૈયાના યુવાનો દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પધારેલા સંતોના પ્રવચન બાદ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું આગમન થયું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા અલૌકિક શાકનો વઘાર કરવામાં આવ્યો. સભામાં યજમાનશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. નવનિર્માણ મંદિરમાં સેવા કરનાર ભક્તોનું પુષ્પહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે પૂજ્ય પી.પી. સ્વામીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવમાં જેતલપુર, અંજલી, મહેસાણા, સિધ્ધપુર, મકનસર, ઉનાવા, માણસા, કાલુપુર, કલોલ ગુરુકુળ, આદિથી સંતો મહંતો અને વિસનગરથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. ૧૨૦૦૦ જેટલા ભક્તોએ શાકનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. (શા. ભક્તિનંદનદાસ)

**સીતાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા જેતલપુર સંત મંડળની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સીતાપુરનો ૧૦૧ મો વાર્ષિક પાટોત્સવ માગસર સુદ-૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઠાકોરજીની પાલખી પરંપરાગત સીતાપુર ગામમાં થઈ મંદિરે પરત આવી હતી. જેમાં ઉત્સવ મંડળી દ્વારા ઠાકોરજીના કીર્તન-ગાતા મૂળ પરંપરાથી ઉજવણી કરી હતી. મંદિરમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ કરવામાં આવ્યો હતો. જેતલપુર સંત મંડળ પૈકી શા. સ્વા. આત્મપ્રકાશદાસજી સ્વામી, શા. વિશ્વપ્રકાશદાસજી, શા. સ્વામી હરિૐપ્રકાશદાસજી, બ્ર. કે.પી. સ્વામી, શા. ભક્તિવલ્લભદાસજી, ભક્તિનંદનદાસજી સ્વામી આદિ સંતો દ્વારા કથા વાર્તા કરવામાં આવી હતી. યજમાન પરિવાર સોની રસિકભાઈ દયાળજીભાઈ (સીતાપુર) પરિવાર દ્વારા સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. છેલ્લે ભક્તજનોએ પ્રસાદ ગ્રહણ કરી જીવન ધન્ય બનાવ્યું હતું.

(શા. ભક્તિનંદન સ્વામી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર ૧૧ મો વાર્ષિક પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ સુરેન્દ્રનગર મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીના શુભ સંકલ્પથી સાં.બાશ્રી કમળાબા, સાં. કોકીલાબા તથા સાં. ઉષાબાની શુભ પ્રેરણાથી રતનપર પ.ભ. બાબુભાઈ અડાલજા પરિવારના યજમાન પદે સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૦-૧૧-૨૦૧૬ થી તા. ૧૬-૧૧-૨૦૧૬ સુધી ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે થઈ હતી. સંહિતા પાઠમાં પુરાણી સ્વામી નિત્યસ્વરૂપદાસજી રહ્યાં હતા. અન્ય કાર્યક્રમો પૈકી રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ, મહાભિષેક, અન્નકૂટ, તુલસી વિવાહ, શ્રી રામપ્રતાપભાઈનો વિવાહ, શ્રીહરિયાગ વગેરેનું ભવ્ય આયોજન થયું હતું.

તા. ૧૫-૧૧-૧૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. સૌ પ્રથમ ઠાકોરકજીની આરતી ઉતારી નૂતન અદ્યતન ભોજનાલયનું ભૂમિ પૂજન કરી સભામાં પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બહેનોના આમંત્રણને માન આપી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સમસ્ત બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ધામોધામના સંતો-સાંખ્યયોગી અને કર્મયોગી બહેનો અને હરિભક્તો પધાર્યા હતા. સભા સંચાલન પૂજારી સ્વામી ત્યાગવલ્લભદાસજી અને શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન વ્યવસ્થા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં સત્સંગ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રેના મહંત શા.સ્વા. ભક્તિનંદનદાસ તથા નિલકંઠ સ્વામીની પ્રેરણાથી આપણા સ્વામિનારાયણ મંદિરમાં શુક્રવાર થી સોમવાર દરમ્યાન દિવાળીના ભવ્ય સત્સંગ સભા થઈ હતી. સંગીત મંડળની ટીમે કીર્તન ભક્તિ, મહામંત્ર ધૂન અને કથા વાર્તા સંતોએ કરી હતી. આ પ્રસંગે ઠાકોરજીની પ્રસાદીની વસ્તુઓની ઉછવણી કરવામાં આવી હતી. જેનો લાભ ઘણા ભક્તોએ લીધો હતો.

મારૂતિયજ્ઞ, ધનતેરસના લક્ષ્મીપૂજન અને નૂતન વર્ષના ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવ્યો હતો. સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજીમહારાજશ્રી અને અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીના નૂતન વર્ષના આશીર્વાદ વિડીયો ટી.વી. દ્વારા સંભળાવ્યા હતા. હજારો ભક્તોએ દર્શન કરી જીવન કૃતાર્થ કર્યું હતું. (પ્રવિણ શાહ

### શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ પારસીપની

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી સત્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી છપૈયાધામ પારસીપની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન, દિવાળીના શ્રી  લક્ષ્મીપૂજન-શારદા પૂજન અને સોમવારના ઠાકોરજીને અન્નકૂટ આરતીમાં યજમાન પરિવારોએ લાભ લીધો હતો. ભવ્ય રોશનીથી મંદિર અને ભગવાનનું સિંહાસન શણગારવામાં આવ્યું હતું. મહંત સ્વામીએ ઉત્સવોની ભારતીય સંસ્કૃતિની પરંપરા કથામાં સમજાવી હતી. નાના બાળકોને મહાપૂજા વિધિ ખૂબજ સરળતાથી સમજાવી હતી. અનેક દર્શનાર્થીઓએ દર્શન કરી અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રે મંદિરના મહંત શા.સ્વા. ધર્મકિશોરદાસજી અને પાર્ષદ મૂળજી ભગતના માર્ગદર્શન-પ્રેરણાથી દિવાળી પ્રસંગે સૌ પ્રથમ ધનતેરસના શ્રી લક્ષ્મીજીનું પૂજન, કાળી ચૌદશના  શ્રી હનુમાનજીનું પૂજન, શનિવારે મારૂતિયજ્ઞ, દિવાળીના શારદા પૂજન-ચોપડા પૂજન અને સોમવારે ઠાકોરજીની સવારે મહા આરતી અને બપોરે અન્નકૂટ આરતી થઈ હતી. જેમાં ઘણા હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી. સંત-હરિભક્તોએ સાથે મળી ધૂન-ભજન કીર્તન કર્યા હતા અને મહંત સ્વામીએ આપણા ઉત્સવોની પરંપરા સમજાવી હતી. સૌ ભક્તોએ અલૌકિક દર્શન કરી ધન્ય બન્યા હતા.

(પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| કારતક સુદ-૨ | પટેલ હરજીવનભાઈ કરશનદાસ (ટ્રસ્ટીશ્રી) (દૂધપાક - માલપુવા) | અમદાવાદ |
| કારતક સુદ-૨ | સામત્રા ભગવાનજીભાઈ (દેવુ ભગત) (દૂધપાક - માલપુવા) | પોરબંદર |
| કારતક સુદ-૩ | કેરાઈ નાનબાઈ ધનજી (બુંદીના લાડુ) | રામપર-વેકરા |
| કારતક સુદ-૪ | અ.નિ. જયસુખલાલ મોતીલાલ (ચુરમાના લાડુ) | રાજકોટ |
| કારતક સુદ-૪ | સાંખલા વિરજીભાઈ ખેતાભાઈ (મોતીયાના લાડુ) | નડીયાદ |
| કારતક સુદ-૫ | હસમુખભાઈ છગનભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| કારતક સુદ-૬ | અ.નિ. પટેલ શાંતાબેન જીવરામભાઈ નાગરદાસ (મોતીયા લાડુ) | બીલીયા |
| કારતક સુદ-૬ | જાદવા વિશ્રામ વરસાણી (દૂધપાક - માલપુવા) | સામત્રા-કચ્છ |
| કારતક સુદ-૬ | હિરાણી વાલબાઈ કેસરા (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| કારતક સુદ-૭ | કોરીયા રમેશભાઈ જેઠાલાલ (અડદીયો) | મોટેરા |
| કારતક સુદ-૭ | હિરાણી રાજેશ મનજી (મોહનથાળ) | કોડકી-કચ્છ |
| કારતક સુદ-૯ | હાલાઈ શામજીભાઈ (અડદીયા) | |
| કારતક સુદ-૯ | ચૌધરી રમેશ મોહન ગોવાજી (ચુરમાના લાડુ) | બાલવા |
| કારતક સુદ-૯ | હિરાણી રતનબેન વિશ્રામ (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| કારતક સુદ-૯ | વરસાણી વિરબાઈ લક્ષ્મણ (ચુરમાના લાડુ) | સામત્રા-કચ્છ |
| કારતક સુદ-૧૧/૧૨ | હાલાઈ શામજીભાઈ (કાજુ-બદામ મૈસુબ) | ગોડપર-કચ્છ |
| કારતક સુદ-૧૩ | વાઘેલા કાળુભા હિંમતસિંહ (ચુરમાના લાડુ) | સાથળ |
| કારતક સુદ-૧૩ | પટેલ ચંદુભાઈ કચરદાસ (બાસુંદી પુરી) | ડાંગરવા |
| કારતક સુદ-૧૩ | કાછડીયા ઉષાબેન વિપુલભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૩ | પટેલ પ્રદિપભાઈ ભગવાનભાઈ (મગસ) | જાનવડ |
| કારતક સુદ-૧૩ | સુરેલીયા જયંતીભાઈ નારણભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| કારતક સુદ-૧૩ | અ.નિ. વેકરીયા મનજી કેશરા (બુંદીના લાડુ) | કુંદનપર-કચ્છ |
| કારતક સુદ-૧૩ | હાલાઈ શામજી હરજી | ગોડપર-કચ્છ |
| કારતક સુદ-૧૩ | રાબડીયા નાનજી વિરજી (બાસુંદી પુરી) | માંડવી-કચ્છ |
| કારતક સુદ-૧૪ | હિરાણી મિલન અશોક (માલપુવા) | કોડકી-ચચ્છ |
| કારતક સુદ-૧૪ | સોની સ્નેહલભાઈ એન. (દૂધપાકપુરી) | અમદાવાદ |
| કારતક વદ-૧ | ડબાસીયા રામબાઈ રામજી (ચુરમાના લાડુ) | ફોટડી-કચ્છ |
| કારતક વદ-૧ | પટેલ સુરેશભાઈ રતિલાલ (ડ્રાયફ્રૂટ હલવો) | વડદલા |
| કારતક વદ-૧ | પટેલ રવિ ચિમનલાલ (મગસપુરી) | |
| કારતક વદ-૪ | સોની બાબુલાલ વાડીલાલ (મોહનથાળ) | લાંઘણજ |
| કારતક વદ-૪ | દિપા ભાવેશ (ગોળના ચુરમાના લાડુ) | લંડન |
| કારતક વદ-૫ | અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી શ્યામચરણદાસજીના સ્મરણાર્થે (મગસના લાડુ) | ઉનાવા |
| કારતક વદ-૬ | સાં. કુવરબાઈ હિરાલાલ વાઘજીભાઈ (મગસના લાડુ) | માધાપર-કચ્છ |
| કારતક વદ-૭ | અ.નિ. માવજી વાલજી ધરમશી (અડદીયા પાક) | બળદીયા-કચ્છ |
| કારતક વદ-૭ | પટેલ મહેન્દ્રભાઈ ગોવિંદલાલ (ડ્રાયફ્રૂટ હલવો) | અમદાવાદ |
| કારતક વદ-૯ | અ.નિ. ચૌધરી બળદેવભાઈ નેનાભાઈ (મગસના લાડુ) | બાલવા |
| કારતક વદ-૧૦ | ગં.સ્વ. પટેલ કમળાબેન નટવરભાઈ (દૂધપાક માલપુવા) | અમદાવાદ |
| કારતક વદ-૧૦ | પાધરા શિવજીભાઈ રત્નાભાઈ (અડદીયાપાક) | સુખપર-કચ્છ |
| કારતક વદ-૧૨ | પટેલ જયકુમાર જે. (બાસુંદીપુરી) | અમદાવાદ |
| કારતક વદ-૧૨ | જેસાણી દિનેશભાઈ જાદવા (મગસ લાડુ) | બળદીયા-કચ્છ |
| કારતક વદ-૧૨ | પિંડોરીયા વિરજી લક્ષ્મણ (અડદીયા પાક) | |
| કારતક વદ-૧૩ | શાહ રાજેશભાઈ વિઠ્ઠલદાસ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | ભગત રશેષભાઈ દિનેશભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| કારતક વદ-૧૩ | અ.નિ. પટેલ મેનાબેન પ્રેમજીભાઈ (મોહનથાળ) | |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૧૦૧/- કાચા લક્ષ્મણભાઈ રમણીકભાઈ, કાચા ટેલર્સ-લેસ્ટર
ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર., પ્રકાશભાઈ એમ.
કપીલભાઈ,સૂરજ, કુલદિપ, કર્નલ, પૃથ્વીરાજ, સહજ અને
વિહાત આદિ પરિવાર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ-ધર્મકુળ પ્રસન્નાર્થે કચ્છ-ઈસ્ટલંડન
૧૦૦/- અ.નિ. ભાસ્કરભાઈ બચુભાઈના સ્મરણાર્થે નાંદોલ
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૦/- મેવાડા રમેશભાઈ જાંબુડાવાળા
અ.નિ. ભાણો અશ્વિન ધીરૂભાઈ ના સ્મરણાર્થે
૧૦૦/- ટાંક અંકિત, નિમેષ, નિયતિ, બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- ચૌહાણ કીર્તનકુમાર વિજયભાઈ બાબરી નિમિત્તે બારડોલી
૨૦૧/- પટેલ મુકેશભાઈ કુબેરભાઈ જે. વિહાર
ચિ. ઉમંગને કેનેડાના વિઝા નિમિત્તે
૧૦૦/- કા. રાકેશ અંબાલાલ લગ્ન પ્રસંગે વરધરી
૧૦૦/- કા. અંબાલાલ શાંતિલાલ વરધરી
શ્રીહરિએ સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે
૧૧૧૧/-પટેલ કોકીલાબેન રતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૧૦૦/- પટેલ પારૂલબેન મનીષકુમાર જન્મ દિને કરજીસણ
૧૦૦/- પટેલ રસિકભાઈ કનુભાઈ કલોલ
શ્રીહરિકૃપાથી સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે
૫૦૦/- પટેલ અંશ શ્રેયસભાઈ જન્મ દિને વાવોલ
૧૦૦/- પટેલ ઝવેરબા નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાવોલ
૨૦૦/- પટેલ મેહુલ રમણભાઈ જન્મ દિને વાવોલ
૧૫૧/- પટેલ ભવ્યાબેન નિકુંજકુમાર જન્મ દિને અમદાવાદ
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસના સ્મરણાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાર્થે સાબરમતી
૧૧૧/- ભાવસાર પ્રવિણાબેન હસમુખભાઈ જન્મ દિને વડનગર
૧૦૦/- ચોટલીયા દિપક શાંતિલાલ લગ્ન નિમિત્તે સુરત
૧૧૧૧/-અ.નિ. પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ, ઉનાવા
પટેલ વિઠ્ઠલભાઈ પ્રાણભાઈ તથા અ.નિ. પટેલ સમજુબા
પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- ચૌહાણ લીલાબા ભીખુભા જન્મ દિને ભોળાદ
૧૦૦/- પટેલ દીપક કાંતિલાલ મિત-યશવીના અભ્યાસાર્થે ધુમાસણ
૧૦૦/- પટેલ રાધેશ્યામ જયંતિભાઈ લગ્ન નિમિત્તે કડી
૨૫૧/- પટેલ નિત્ય ધવલકુમાર બાબરી નિમિત્તે એટલાંટા
૧૦૧/- પરમાર મોહનભાઈ ટપુભાઈ પુત્ર તપનના લગ્ન પ્રસંગે રાજકોટ
૨૦૧/- પોરીયા જયવદન રાઘવજી ચિ. રશ્મિના લગ્ન પ્રસંગે હિંમતનગર
૨૦૦/- પટેલ પ્રવિણકુમાર ત્રિકમલાલ ચિ. સુપુત્રી તેજલના લગ્ન પ્રસંગેવડુ
૧૦૦/- શાહ ભગવતભાઈ એફ. શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૫૧/- મકવાણા હેમાંગ કિરીટભાઈ લગ્ન પ્રસંગે વાપી
૧૫૧/- મકવાણા હાર્દિક કિરીટભાઈ જન્મ દિને વાપી
૧૦૨/- ઘનશ્યામ વિજય સબમર્સિબલ ધેધુ ચોકડી ચાંદીસણવાળા
નવા બિજનેશ નિમિત્તે
૨૦૧/- વરૂ રિતેષ શાંતિલાલ લગ્ન નિમિત્તે રાજકોટ
૨૦૧/- વરૂ શાંતિલાલ પ્રાગજીભાઈ લગ્ન તિથિ નિમિત્તે રાજકોટ
૧૦૦/- પટેલ જીગ્નેશભાઈ હસમુખભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૫૦૧/- ભાવસાર સુનિલભાઈ શાંતિલાલ વિસનગર
નવા મકાનમાં ગૃહ પ્રવેશ નિમિત્તે
૧૦૧/- ભાવસાર મેહુલભાઈ શાંતિલાલ વિસનગર
ચિ. પરમેશની બાબરી નિમિત્તે
૧૦૧/- ભાવસાર ધર્મેશભાઈ શાંતિલાલ વિસનગર
ચિ. અયાનના જન્મ પ્રસંગે
૧૦૦/- ડૉ. કિરણભાઈ ઠક્કર ચિ. કંથનના જન્મ દિને રાણીપ
૧૦૧/- પટેલ જયંતીભાઈ વાલજીભાઈ કોઠારી શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૧૦૦/- અ.નિ. પટેલ કમળાબેન રામભાઈના સ્મરણાર્થે મોખાસણ
૧૦૦/- પ્રજાપતી બકુલભાઈ સુખદેવભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તેઝુંડ
૧૦૧/- અમીન વર્ષાબેન જગદીશભાઈ લગ્ન તિથિ નિમિત્તે દહેગામ
૨૦૧/- કોઠારી જલ્પાબેન વિશાલભાઈ લગ્ન તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ હરિશભાઈ શાંતિભાઈ ફુલછત્રપુરા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ લાલજીભાઈ શાંતિભાઈ ફુલછત્રપુરા
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
૧૦૧/- ભાવસાર સાવિત્રીબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નવાવાડજ
૧૦૦/- મોદી પન્નાબેન રમણભાઈ ચિ. ભાવેશના લગ્ન પ્રસંગે પોર
૨૦૦/- અ.નિ. પટેલ સંજયભાઈ લાલભાઈ પુણ્ય તિથિ નિમિત્તે અંબાપુર
૨૦૦/- પટેલ હરેશભાઈ ભરતભાઈ બીજી ગાડી લાવ્યા તે નિમિત્તે મોટેરા
૧૫૧/- વાઘેલા સંદિપભાઈ ગોરધનભાઈ લગ્ન પ્રસંગે સુરત
૧૦૦/- પટેલ ભૂપેન્દ્રભાઈ કાંતિભાઈ મોટેરા
મોટેરાથી કાલુપુર મંદિર પદયાત્રા નિમિત્તે
૧૦૦/- મોદી મધુબેન નટવરલાલ ચિ. રિન્કુના લગ્ન પ્રસંગે પ્રાંતિજ
૧૦૧/- નયન ડિમ્પલબેન લગ્ન તિથિ નિમિત્તે બાલાસિનોર
૧૦૦/- ભવ્યના જન્મ દિને અમદાવાદ
૧૦૧/- રાઠોડ રંજનબેન ભગવાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નલીયા-મૂળી
૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ ગોધાવી
૨૫૧/- વરૂ ખુશાલ જસવંતરાય જન્મ દિને મુંબઈ
૨૫૧/- વરૂ વિશાલ જયંતીલાલ જન્મ દિને મુંબઈ
૨૫૧/- સાપરીયા મનસુખભાઈ ગોવિંદભાઈ ધૂડકોટ
ચિ. જયેશના લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ ધાર્મિક મહેન્દ્રભાઈ જન્મ દિને મોટેરા
૨૦૦/- પટેલ ચંદ્રકાંત ભલાભાઈ ચિ. રવિના જન્મ દિને અડાલજ
૧૦૧/- રાઠોડ પરેશ વાલજી જન્મ દિને મુંબઈ
૧૦૧/- રાઠોડ હિતેષ વાલજી જન્મ દિને મુંબઈ
૧૦૦/- અમીન કમલેશભાઈ નાનુભાઈ ચલોડા
ચિ. ભાણી દિયાના પ્રથમ જન્મ દિને

૧૦૦/- ચૌધરી હિરાબેન મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૫૦૦/- ચૌધરી હીરાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- ચૌધરી વર્ષાબેન જીજ્ઞેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- ચૌધરી રઈબેન કાનાજી શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- પટેલ મહેન્દ્રભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૦/- અ.નિ. ગજ્જર ભારતીબેન ડી. ના સ્મરણાર્થે ગોધાવી
૧૦૦/- પટેલ અનિતાબેન મુકેશભાઈ ચિ. કુશલના જન્મ દિને વાવોલ
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- મોરી જનાર્દનભાઈ અરજણભાઈ કાલીયાણા
ચિ. ભાણી જીગીષાના લગ્ન પ્રસંગે
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા જીયાબા વિરપાલસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- કાકાવાળા ગાંડાભાઈ ઈશ્વરદાસ ગોવિંદપુરાવેડા
ચિ. પિન્કીબેનના ભાણાના જન્મ દિને
૧૦૦/- પટેલ પલક દિનેશભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તેન્યુ રાણીપ
૧૦૧/- ભાવસાર કોકીલાબેન વિઠ્ઠલભાઈ જન્મ દિને નવા વાડજ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- ચૌહાણ ખુમાનસિંહ હેમુજી ચિ. રૂદ્રરાજસિંહના જન્મ દિને ટાંકીયા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ બેચરબાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચલોડા
૧૦૦/- અ.નિ. પટેલ જગદીશભાઈ હેમાભાઈના સ્મરણાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- મોરી ઘનશ્યામભાઈ જીવાભાઈ કાલીયાણા
નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- પટેલ શ્રીધર ધિરેન જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ આરાધ્ય સાવન જન્મ દિને અસલાલી
૨૦૦/- પટેલ શૈલેષકુમાર ભીખાભાઈ જન્મ દિને વડુ
૨૦૦/- પટેલ ઘનશ્યામકુમાર રાકેશભાઈ ખેરોલ
પી.આઈ. માં સુરત બઢતી નિમિત્તે
૫૦૦/- પટેલ રોનકકુમાર ધરમશીભાઈ નવી કાર લીધી તે નિમિત્તે મેથાણ
૫૦૦/- પટેલ દિપકભાઈ હરિભાઈ પુત્રના જન્મ પ્રસંગે અમદાવાદ
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૧૧/- પટેલ હાર્દિક અરવિંદભાઈ લગ્ન પ્રસંગે વક્તાપુર
૧૦૦/- મોરી સિધ્ધાર્થભાઈ રામાભાઈ કાલીયાણા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ સાંકાભાઈ નારણદાસ અજરાપુરા
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૧૦૦/-પટેલ અમિતાબેન જીગ્નેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અંબાપુર
૨૦૦/- પટેલ તનવી, જીગ્નેશભાઈ જન્મ દિને અંબાપુર
૨૦૦/- પટેલ દિવ્યાબેન હર્ષિલભાઈ લગ્ન નિમિત્તે અંબાપુર
૧૦૦/- પટેલ ભાવિનભાઈ દેવેન્દ્રભાઈ ચિ. દેવલના જન્મ દિને ગાંધીધામ
૧૦૦/- પટેલ દિવ્ય ભાવિનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીધામ
૧૦૦/- ગજ્જર ગોપાલભાઈ સોમનાથ શ્રીજી પ્રસન્નાર્થે કડી
૧૦૦/- પટેલ રમીલાબેન રોહિતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ભાઉપુરા
૧૦૦/- પટેલ જીજ્ઞાસકુમાર ચિરાગભાઈ જન્મ દિને ખેરોલ
૧૦૦/- પટેલ બ્રિજેશ ભરતભાઈ લગ્ન નિમિત્તે ખેરોલ
૧૦૦/- પટેલ ક્રિષ્ણા ભરતભાઈ લગ્ન પ્રસંગે ખેરોલ
૨૫૧/- કા. ગીરીશભાઈ મનહરલાલ શ્રીજી પ્રસન્નાર્થે લુણાવાડા
૧૦૧/- ભાવસાર દેવલ મહેશકુમાર જન્મ દિને વડનગર
૧૦૧/- અ.નિ. કા. રસીલાબેન જસવંતલાલ મુંબઈ
૧૩ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- મૌદી હેનીલ ભરતભાઈ જન્મ દિને સાબરમતી
૧૦૧/- પટેલ હસમુખભાઈ કાંતિભાઈ દહેગામ
ચિ. વિશાલ અમેરિકા ગયો તે નિમિત્તે
૧૫૧/- પટેલ નિકીતા હિતેષકુમાર જોબ મળી તે નિમિત્તે વિહાર
૨૫૧/- પટેલ ઘનશ્યામભાઈ મૂળજીભાઈ સાપાવાડા
ચિ. ગુંજનના ચૌલ સંસ્કાર અને મહાપૂજા નિમિત્તે
૧૦૧/- સોની સરોજબેન નવિનચંદ્ર યાત્રા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૦૦/- રાવલ પ્રવિણસિંહ ડી. કાલીયાણા
૭ માં પગાર પંચનો લાભ મળ્યો તે નિમિત્તે
૨૫૦/- પટેલ ખુશ્બી દિક્ષિતકુમાર ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે અંબાપુર
૧૦૧/- વાઘેલા પૂર્વરાજસિંહ અજીતસિંહ બીજા જન્મ દિને અમદાવાદ
૨૫૧/- ચોટલીયા મનસુખભાઈ તુલસીભાઈ સુરત
ચિ. અનીલબાઈના લગ્ન પ્રસંગે
૧૫૧/- ચોટલીયા મનસુખભાઈ તુલસીભાઈ સુરત
ચિ. ભાવિનભાઈના પડા નિમિત્તે
૧૫૧/- ટાંક ઓપિનભાઈ પ્રભુભાઈ જગતભાઈના લગ્ન પ્રસંગે રાજકોટ
૧૬૧/- સોલંકી મુકેશભાઈ છગનભાઈ ચિ. રચનાબેનના લગ્ન પ્રસંગેસુરત
૧૦૧/- ચાવડા રમેશભાઈ નરસીભાઈ ધનુર્માસ નિમિત્તે સુરત
૧૦૦/- અ.નિ. પટેલ ઉષાબેન દશરથભાઈના સ્મરણાર્થે અસલાલી
૧૦૧/- વેગડ ચંદ્રિકાબેન ધવલભાઈ ધ્રાંગધ્રા
ચિ. આર્જવને ભણવા બેસાડ્યો તે નિમિત્તે
૧૦૧/- મોદી રીટાબેન જયંતીભાઈ ધનુર્માસ નિમિત્તે મુંબઈ
૧૦૦/- ખેર ભીમાભાઈ રામસંગભાઈ બળોલ-ભાલ
ચિ. મહેશને જોબ મળી તે નિમિત્તે
૧૧૦૦/-ઠક્કર પ્રજ્ઞાબેન મહેન્દ્રભાઈ અમદાવાદ
ડાયમંડના એરીંગ્સ મળ્યા તે નિમિત્તે
૧૦૦/- ચાવડા લખમણભાઈ પચાણભાઈ ધનુર્માસ નિમિત્તે રામપરા
૧૦૦/- પટેલ રામજીભાઈ નારણભાઈ ધનુર્માસ નિમિત્તે રામપરા
૨૦૦/- પટેલ ડાહ્યાભાઈ માધવલાલ વિહાર
ચિ. ખ્યાતિની ભાણીના જન્મ પ્રસંગે
૨૦૦/- પટેલ નિલ હિરલકુમાર જન્મ દિને દેવડા
૧૦૧/- પ્રજાપતિ ધીરજકુમાર કાનજીભાઈ જોરાવરનગર
જન્મ દિને ૨૨-૧૨
૧૦૦/- ગોહીલ નરસિંહભાઈ હરિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખોલડીયાદ
૧૦૧/- ભાવસાર હસમુખભાઈ શંકરલાલ જન્મ દિને

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.













૧. વીસનગર શાકોત્સવ પ્રસંગે વિશાળ સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મારાજશ્રી તથા સભાને સંબોધતા પૂ.પી.પી.સ્વામી (જેતલપુર) ૨. સલઈ ગામે શાકોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા સભાને સંબોધતા પૂ.પી.પી.સ્વામી (જેતલપુર). ૩. વડુ શ્રી સ્વામિનારાયણ મંદિરના દેવોના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂઆચાર્ય મહારાજશ્રી તથા બાળ મંડળ સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૪. મહેસાણામાં શાકોત્સવ પ્રસંગે સભામાં મોટી સંખ્યામાં સંતો તથા હરિભક્તો.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017







દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ કાલુપુર મંદિરમાં ધનુર્માસ દરમ્યાન વહેલી સવારે સભામંડપમાં થતી ધૂનમાં પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સંતો અને વિશાળ સંખ્યામાં હરિભક્તો શ્રી નરનારાયણદેવ આદિ દેવોના દર્શન કરતા


પ.પૂ.ધ.ધૂ.આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી

10 દિવ્ય ભવ્ય દશાબ્દિ મહામહોત્સવ

તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી-૨૦૧૭ મહાવદ ૧ થી મહાવદ-૬

આયોજક : શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર, સરદાર બાગ સામે, શનાળા રોડ, મોરબી

અનેકવિધ સાંસ્કૃતિક આધ્યાત્મિક અને સમાજસેવાલક્ષી આયોજનનો અદ્દભુત ત્રિવેણી સંગમ...